૧

# આત્મધર્મ

માસિક : વર્ષ-૧૩ * અંક-૫ * જાન્યુઆરી, ૨૦૧૯




ॐ

ચૈતન્ય સ્વભાવનું અજ્ઞાન તે
રાગ દ્વેષનું કર્તુત્વ મનાવે છે.
રાગ દ્વેષનું કર્તુત્વ થતાં અકર્તા એવો
જ્ઞાતા-દૃષ્ટા સ્વભાવ એની દૃષ્ટિમાં આવતો
નથી તેથી પરિભ્રમણનું મૂળ એવું રાગદ્વેષ
નું કર્તુત્વ એવું અજ્ઞાન એજ સંસારનું બીજ છે.

# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

● સ્પર્શ, રસ, ગંધ, વર્ણ અને શબ્દાદિરૂપે પરિણમતાં પુદ્‌ગલો આત્માને કાંઈ કહેતાં નથી કે 'તું અમને જાણ', અને આત્મા પણ પોતાના સ્થાનથી છૂટીને તેમને જાણવા જતો નથી. બંને તદ્દન સ્વતંત્રપણે પોતપોતાના સ્વભાવથી જ પરિણમે છે. આમ આત્મા પર પ્રત્યે ઉદાસીન (-સંબંધ વિનાનો તટસ્થ) છે, તોપણ અજ્ઞાની જીવ સ્પર્શાદિકને સારાં-નરસાં માનીને રાગીદ્વેષી થાય છે તે તેનું અજ્ઞાન છે. ૧૭૧૨.

(શ્રી સમયસાર, ગાથા-૩૭૨-૩૮૨નો ઉપોદ્‌ઘાત)

● જો મનુષ્ય અન્નકો ખાતે હૈં ઉનકે સ્થાવર જીવોંકી હિંસાસે પાપ હોતા હૈ, કિન્તુ જો માંસકો ખાતે હૈ ઉનકે ત્રસ જીવોંકી હિંસાસે પાપ હોતા હૈ, ઈસ પ્રકારસે યદ્યપિ પાપકે ભાગી વે દોનોં હી પ્રાણી હોતે હૈ, ફિર ભી બુદ્ધિમાન મનુષ્યકો ઉનકે પાપમેં પરમાણુ ઔર મેરુપર્વત સમાન અંતર સમજના ચાહિયે. ૧૭૧૩.

(શ્રી અમિતગતિ આચાર્ય, સુભાષિતરત્નસંદોહ, ગાથા-૫૩૦)

● બુદ્ધિમાન પુરુષ સંતોષરૂપી સારરૂપ સચ્ચે રત્નકો હૃદયમેં ધારણ કરકે નિત્ય મોક્ષકે સચ્ચે માર્ગ પર ચલતે હુએ સુખી રહતે હૈં. ૧૭૧૪.

(શ્રી કુલધર આચાર્ય, સારસમુચ્ચય, શ્લોક-૨૪૧)

● સંસારી સર્વ જીવોને કર્મનો ઉદય છે, પરંતુ તે ઉદય બંધનું કારણ નથી. જો કર્મનિમિત્તક ઈષ્ટ-અનિષ્ટ ભાવોમાં જીવ રાગી-દ્વેષી-મોહી થઈ પરિણમે તો બંધ થાય છે. આથી એ વાત સિદ્ધ થઈ કે જ્ઞાન, ઉદયપ્રાપ્ત પૌદ્‌ગલિક કર્મો કે કર્મના ઉદયથી ઉત્પન્ન દેહાદિની ક્રિયાઓ બંધનું કારણ નથી, બંધના કારણ કેવળ રાગ-દ્વેષ-મોહ ભાવો છે. માટે તે ભાવો સર્વ પ્રકારે ત્યાગવાયોગ્ય છે. ૧૭૧૫.

(શ્રી પ્રવચનસાર, ગાથા-૪૩નો ભાવાર્થ)

● હે જીવ ! તૂને ઈસ લોકકે ઉદરમેં વર્તતે જો પુદ્‌ગલ સ્કંધ, ઉન સબકો ગ્રસે અર્થાત્ ભક્ષણ કિયે ઔર ઉનહીકો પુનરુક્ત અર્થાત્ બાર-બાર ભોગતા હુઆ ભી તૃપ્તિકો પ્રાપ્ત ન હુઆ. ૧૭૧૬. (શ્રી કુંદકુંદાચાર્ય, ભાવપાહુડ, ગાથા-૨૨)

● સમ્પૂર્ણ નોકર્મ અને કર્મરૂપ અનાત્મીય પરપદાર્થોમાં પણ 'આ હું આત્મા છું' તે પ્રકારની જે બુદ્ધિ થાય છે તે સર્વ દૃષ્ટિમોહની જ ચેષ્ટા છે-કરામત છે. ૧૭૧૭. (શ્રી રાજમલ્લજી, પંચાધ્યાયી, ભાગ-૨, ગાથા-૧૦૪૭)

વર્ષ–૧૩
અંક–૫




વિ. સંવત
૨૦૭૫
January
A.D. 2019



## શ્રી સમયસારજી શાસ્ત્ર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન




### નિત્ય ઉપયોગ લક્ષણ જીવ દ્રવ્ય અચેતન રાગરૂપે થવા સમર્થ નથી

ભગવાન આત્મા નિત્ય જ્ઞાનઉપયોગ સ્વરૂપી ચેતન વસ્તુ તે રાગરૂપ અચેતનપણે થતો નથી તો તને પુદ્‌ગલદ્રવ્ય તે હું એવો અનુભવ ક્યાંથી થયો? તારી તે અનુભૂતિ વ્યાજબી નથી. કારણ કે ચેતનનો જ્ઞાનપ્રવાહ અચેતન રાગરૂપે થતો નથી. ચેતન જ્ઞાનપ્રકાશરૂપ છે ને રાગ અચેતન અંધકારરૂપ છે.

નિત્ય-ઉપયોગસ્વરૂપ જીવદ્રવ્યને નિત્ય-અણુપયોગ સ્વરૂપ પુદ્‌ગલદ્રવ્ય સાથે એકરૂપ થવામાં વિરોધ છે. જેમ પ્રકાશ ને અંધકાર સાથે રહેવામાં વિરોધ છે તેમ જ્ઞાન ને રાગ એકરૂપ થવામાં વિરોધ છે. રાગ અંધકાર છે, જડ છે, અશુચિ છે, દુઃખરૂપ છે ને આત્મા જ્ઞાનપ્રકાશ છે, ચેતન છે, પવિત્ર છે, સુખરૂપ છે. રાગ પોતે પોતાને જાણતો નથી પરને જાણતો નથી ને પર વડે-જ્ઞાન વડે પોતે જણાય છે માટે રાગ જડ છે. ચેતન ને અચેતનભાવ, ઉપયોગ ને અણુપયોગભાવ, આનંદ ને દુઃખભાવ-બેને એકરૂપ થવામાં વિરોધ છે. ભિન્નપણે સાથે રહેવામાં વિરોધ નથી પણ એકરૂપ થવામાં વિરોધ છે.

### તું સર્વપ્રકારે પ્રસન્ન થા

ઉપશમરસનો દરિયો આત્મા છે. અકષાયસ્વભાવની મૂર્તિ છે. વીતરાગ

> તનકંચુકથી જેહનું સંવૃત જ્ઞાનશરીર,
> તે જાણે નહિ આત્મને, ભવમાં ભમે સુચિર. ૬૮. –શ્રી સમાધિતંત્ર

સ્વભાવની મૂર્તિ છે. એ કોઈ કાળે દયા-દાન આદિ રાગરૂપ થઈ શકે નહી. તેથી તું સર્વ પ્રકારે પ્રસન્ન થા કે મહા આનંદનો નાથ હું પોતે જ છું. અનાદિની એવી ને એવી જ્ઞાનપ્રકાશની મૂર્તિ તું છો. તું રાગરૂપે કદી થયો જ નથી. તું સદાય જ્ઞાન ઉપયોગરૂપે જ રહ્યો છે. ચૈતન્યપ્રકાશરૂપે તું સદાય રહ્યો છે. ચૈતન્યપ્રકાશની ઝળહળ જ્યોતિરૂપે રહ્યો થકો તું કદી પણ રાગ અંધકારરૂપ થયો જ નથી. માટે સર્વ પ્રકારે એકવાર પ્રસન્ન થા, પ્રસન્ન થા. રાગના અનુભવમાં પડ્યો છે તે છોડીને ચૈતન્ય આનંદના અનુભવમાં આવી જા. તારા આત્મસ્વભાવને અવલોકવા માટે એકવાર સર્વ પ્રકારે પ્રસન્નતાપૂર્વક તારા વીર્યને ઉછાળ, તને આનંદનો લાભ થશે.

અનંતવાર નિગોદમાં ગયો. આર્ત-રૌદ્રધ્યાન કર્યા છતાં તું તો એવો ને એવો જ રહ્યો છો. તું વીતરાગ સ્વરૂપે જ સદાય રહ્યો છો માટે અતિ પ્રસન્ન થા કે હું વીતરાગમૂર્તિ જ સદાય રહ્યો છું. તારું ચિત્ત ઉજ્જ્વળ કરીને સાવધાન થા. જ્ઞાનની પરિણતિ સાવધાન કરીને અંદરમાં જા. ને સ્વદ્રવ્ય તે જ મારું છે, તે સ્વરૂપે જ હું છું એમ અનુભવ.

જેવી વસ્તુ છે તેવી ખ્યાલમાં આવી નથી તેથી પોતાનું અસ્તિત્વ સ્વીકાર્યું નથી. પણ ક્યાંક તો પોતાનું અસ્તિત્વ સ્વીકારવું પડશે જ, તેથી પોતાથી વિપરીત સ્વભાવી પુણ્ય-પાપમાં જ પોતાનું અસ્તિપણું અનાદિથી માન્યું છે.

## ઈન્દ્રિયોથી ભિન્ન જ્ઞાયકને અનુભવે તે જિતેન્દ્રિય

તીર્થંકરની સાચી સ્તુતિ કેવી રીતે કરવી ?—કે જ્ઞેય-જ્ઞાયકના સંકરદોષને ટાળવાથી તીર્થંકરની નિશ્ચયસ્તુતિ કરી કહેવાય. જડેન્દ્રિય, ભાવેન્દ્રિય તથા તેના વિષયો-પરદ્રવ્ય, તે ત્રણે ઈન્દ્રિયો છે, તેને જીતવાથી જિતેન્દ્રિય થવાય છે. ત્રણે ઈન્દ્રિયોને પોતાના જ્ઞાનસ્વભાવ વડે જ્ઞાયકથી ભિન્ન જાણવી તે જ ઈન્દ્રિયોનું જીતવું છે. ભગવાન હોય કે ભગવાનની વાણી હોય તે સઘળાય ઈન્દ્રિયનાં વિષય હોવાથી ઈન્દ્રિય છે. તેઓ જ્ઞાયકનું પરજ્ઞેય છે. જ્યાં સુધી જ્ઞાયકભાવને જ્ઞેય સાથે એકરૂપ માને છે ત્યાં સુધી જ્ઞેય-જ્ઞાયકનો સંકરદોષ લાગે છે. એટલે કે ત્યાં સુધી મિથ્યાત્વ છે, તેનો પરિહાર કરવાથી અર્થાત્ જ્ઞેય-જ્ઞાયકની ભિન્નતા કરવાથી આત્મામાં નિશ્ચયસ્તુતિ પ્રગટે છે. સ્વાત્માની નિશ્ચયસ્તુતિ તે જ પરમાત્માની સ્તુતિ છે. અહીં જડેન્દ્રિય, ભાવેન્દ્રિય તથા તેના વિષયો—ત્રણે ઈન્દ્રિયોને ભેદ અભ્યાસની પ્રવીણતા વડે જ્ઞાયકથી ભિન્ન કરી જ્ઞાયકને અનુભવવાની વાત કરે છે.

**અસ્થિર અણુનો વ્યૂહ છે સમ-આકાર શરીર,**
**સ્થિતિભ્રમથી મૂરખ જનો તે જ ગણે છે જીવ. ૬૯.** **–શ્રી સમાધિતંત્ર**

તીર્થંકર કેવળીની નિશ્ચય સ્તુતિ કોને કહેવાય તે સમજાવતાં આચાર્યદેવ પ્રથમ તો જ્ઞેય-જ્ઞાયકના સંકરદોષના પરિહારરૂપ પહેલી નિશ્ચય સ્તુતિનું વર્ણન કરે છે.

જીતી ઈન્દ્રિયો જ્ઞાનસ્વભાવે અધિક જાણે આત્મને,
નિશ્ચય વિષે સ્થિત સાધુઓ ભાખે જિતેન્દ્રિય તેહને. ૩૧.

શરીર, રાગ આદિ જ્ઞેય છે, જડ-ઈન્દ્રિય, ભાવ-ઈન્દ્રિય તથા તેના વિષયો તે પણ ઈન્દ્રિય છે. તેઓ જાણવાલાયક પરજ્ઞેયો છે. અનાદિથી તે પરજ્ઞેયો ને જ્ઞાયકનો મિશ્રપણે સંકરદોષ કરતો આવ્યો છે. જ્ઞાયકમાં અસ્તિપણું સ્થાપવાને બદલે પરજ્ઞેય તે હું છું એવી મિથ્યા માન્યતા તે જ્ઞેય-જ્ઞાયક સંકરદોષ છે.

જડ-ઈન્દ્રિય, ભાવ-ઈન્દ્રિય તથા તેમના વિષયોથી ભિન્ન એક અખંડ જ્ઞાયકને અનુભવવો તેનું નામ પરમાત્માની નિશ્ચયસ્તુતિ છે. અરિહંત પરમાત્માના શરીર, દિવ્યવાણી આદિ પુણ્યપ્રકૃતિનું ચિંતવન કે ગુણગાન કરવાથી અરિહંતદેવની નિશ્ચયસ્તુતિ થતી નથી પરંતુ જેવો નિજ પરમાત્મા છે તેનો તેવો વાસ્તવિક સ્વીકાર કરવો તેનું નામ ઈન્દ્રિયોનું જીતવું છે, તે જ પરમાત્માની સાચી સ્તુતિ છે.

ભગવાન આત્મા અણેન્દ્રિય હોવાથી તેની અપેક્ષાએ ભગવાન, ભગવાનની દિવ્યવાણી કે મુનિઓના વૃંદ બધું જ ઈન્દ્રિય છે કેમકે તેઓ ઈન્દ્રિયના વિષય છે. વીતરાગીદેવ એમ ફરમાવે છે કે અમે તો તારી ઈન્દ્રિયોનો વિષય છીએ અને તું તારી અણેન્દ્રિયનો વિષય છે, તું તેને વિષય બનાવીને જાણ તે જ અમારી સ્તુતિ છે.

કેવળી પરમાત્માની નિશ્ચયસ્તુતિના ત્રણ પ્રકાર છે, તે ક્રમે થાય છે. પ્રથમ જ્ઞેય-જ્ઞાયકના સંકરદોષનો પરિહાર તે જિતેન્દ્રિય, બીજો પ્રકાર જિતમોહ, ને ત્રીજો પ્રકાર ક્ષીણમોહ. અહીં પ્રથમ પ્રકારની નિશ્ચયસ્તુતિનું આ વર્ણન ચાલે છે. જડ-ઈન્દ્રિય, ભાવ-ઈન્દ્રિય અને તેના વિષયોને જીતવાથી જ્ઞેયજ્ઞાયક સંકરદોષ દૂર થાય છે. ત્રણે પ્રકારની ઈન્દ્રિયોનું જીતવું એકીસાથે થાય છે, ક્રમ પડતો નથી. માત્ર સમજાવવામાં ક્રમ પડે છે.

## જડ-ઇન્દ્રિય અને તેનું જીતવું

જડ-ઈન્દ્રિય છે તે શરીરના પરિણામરૂપ પર્યાય છે. શરીરના પરિણામને જડ-ઈન્દ્રિય કહે છે, તેને જીતવી એટલે કે જડ-ઈન્દ્રિયથી ભિન્નપણે જ્ઞાયકને અનુભવવો તે જિતેન્દ્રિય જિન છે.

**હું ગોરો કૃશ સ્થૂલ ના, એ સૌ છે તનભાવ,**
**—એમ ગણો, ધારો સદા આત્મા જ્ઞાનસ્વભાવ. ૭૦.** **–શ્રી સમાધિતંત્ર**

કર્મ સાથેનો સંબંધ અનાદિથી અર્થાત્ અવધિ-મર્યાદા રહિત છે. છતાં તેના કારણે નહીં, તેના લીધે નહીં, પણ પોતે તેને વશ થઈને-પોતે તેને તાબે તઈને વિકારરૂપ પરિણમતો આવ્યો છે. કર્મો જીવને વિકારરૂપ પરિણમાવતા નથી પરંતુ પોતે કર્મોના ઉદયને આધીન થઈને વિકારરૂપ પરિણમે છે. પર્યાયમાં ઈશ્વરનય નામનો એક ધર્મ એવો છે કે જીવ સ્વતંત્રપણે કર્મના ઉદયને વશ થાય છે. પર્યાયનો એક ધર્મ એવો છે કે પોતે જ પોતાની મેળે પરાધિન થાય છે. એ રીતે અજ્ઞાની અનાદિથી કર્મને વશ થયો થકો વિકારરૂપ પરિણમી રહ્યો છે. તેથી તે એમ માને છે કે શરીર તે હું છું. શરીરની ક્રિયા તે મારી છે, આંખ મારી, કાન મારા-એમ જડ-ઈન્દ્રિયો સાથે એકત્વ કરી રહ્યો છે.

જ્યાં સુધી જડ-ઈન્દ્રિયોમાં એકતાપણું વર્તી રહ્યું છે ત્યાં સુધી તેને સ્વ-પરના વિભાગરૂપ ભેદજ્ઞાન અસ્ત થઈ ગયું છે. કર્મના ઉદયને વશ થઈ જવાથી પ્રભુ જ્ઞાયક સ્વ ને શરીર પર એમ સ્વ-પરની જુદાઈ અસ્ત પામી છે.

નિર્મળ ભેદ-અભ્યાસની પ્રવીણતાથી, નિર્મળ ભેદજ્ઞાનની કળા દ્વારા પ્રાપ્ત અંતરંગમાં અતિ સૂક્ષ્મ ચૈતન્યસ્વભાવના અવલંબન વડે ધર્મી જડ-ઈન્દ્રિયને જુદી કરે છે. જડ-ઈન્દ્રિયનું જીતવાની તે એક જ રીત છે કે સ્વ-પરના ભેદજ્ઞાન દ્વારા અતિ સૂક્ષ્મ નિજ પરમાત્મ-સ્વભાવનું અવલંબન લઈને ઈન્દ્રિયોને ભિન્ન જાણવી. સ્વ-પરને એકરૂપ અનુભવતો હતો તેને હવે ભેદજ્ઞાન દ્વારા નિજ સ્વભાવના અવલંબન વડે સ્વથી ભિન્નપણે જાણવી તે જ ઈન્દ્રિયોનું જીતવું છે.

## ભાવ-ઇન્દ્રિય અને તેનું જીતવું

જુદા જુદા પોતપોતાના વિષયોમાં વ્યાપારપણાથી જેઓ વિષયોને ખંડખંડ ગ્રહણ કરે છે એવી ભાવેન્દ્રિયોને, પ્રતીતિમાં આવતા અખંડ એક ચૈતન્યશક્તિપણા વડે સર્વથા પોતાથી જુદી જાણી; એ ભાવેન્દ્રિયોનું જીતવું થયું.

શ્રોત્રની ભાવેન્દ્રિય શબ્દને જાણે, તે રીતે એક એક ઈન્દ્રિયો પોતપોતાના વિષયો દ્વારા જ્ઞાનને ખંડખંડરૂપ જણાવે તે ભાવેન્દ્રિય છે. જ્ઞાનને ખંડખંડ જણાવનારી ભાવેન્દ્રિય તે જ્ઞાયકનું પરજ્ઞેય હોવા છતાં તે ભાવેન્દ્રિયને જ્ઞાયકની સાથે એકતા માનવી તે મિથ્યાત્વ છે. ખંડખંડપણે પરને જાણવાની યોગ્યતાવાળો ભાવ એ પણ ખરેખર પરજ્ઞેય છે, તેની સાથે જ્ઞાયકની એકતા કરવી-માનવી તે પણ સંસાર છે. અગિયાર અંગ તે નવ પૂર્વની લબ્ધિ તે પણ ઈન્દ્રિયજ્ઞાન છે, તે ખંડખંડરૂપ જણાવે છે.

(જુઓ અનુસંધાન પેજ નં. ૨૩ ઉપર)

**જો નિશ્ચળ ધૃતિ ચિત્તમાં, મુક્તિ નિયમથી હોય;**
**ચિત્તે નહિ નિશ્ચળ ધૃતિ, મુક્તિ નિયમથી નો'ય. ૭૧. –શ્રી સમાધિતંત્ર**



# શ્રી નિયમસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન



(તા. ૯-૫-૪૪, મંગળવાર) વ્યાખ્યાન નં. ૧૯
(ગાથા ૧૯)

હવે ભાવિનૈગમનયની વાત કરે છે. વર્તમાન સંસારી-વિકારી દશા હોવા છતાં નિર્મળ દશા છે એમ, ભવિષ્યકાળની યોગ્યતાનો વર્તમાન પર્યાયમાં આરોપ કરીને કહેવું તે ભાવિનૈગમનય છે. ભાવિનૈગમનયથી સમ્યગ્દષ્ટિને સિદ્ધ કહી શકાય છે. જેમ કોઈ માણસ નિર્ધન હોય છતાં નિર્ધનપણાને ગૌણ કરીને કહે છે કે—આપણે તો કાલ સવારે પૈસા થઈ જશે, બાળા તેને શા દૂકાળા? આપણે પૈસાવાળા જ છીએ—એમ કહે છે. ત્યાં ભવિષ્યની સધનતાનો વર્તમાન નિર્ધનતામાં આરોપ કર્યો છે; તેમ વર્તમાન દશામાં વિકાર હોવા છતાં, અવિકારી સ્વભાવની દૃષ્ટિના જોરની અપેક્ષાએ ભવિષ્યની અવિકારી પવિત્ર મોક્ષદશાનો ભાવિનૈગમનયે વર્તમાનમાં આરોપ કરીને વર્તમાનમાં નિર્મળદશા કહેવાય છે. આ બધી અવસ્થાના ભેદની વાત છે. વસ્તુમાં તો સિદ્ધ અને સંસારી એવા ભેદ નથી, વસ્તુએ બધા આત્મા સરખા છે. અવસ્થાદૃષ્ટિમાં સિદ્ધ અને સંસારી એવા ભેદ છે; અને સંસારી તથા સિદ્ધ બન્નેને વિકારી અને અવિકારી, નય-અપેક્ષાથી કહી શકાય છે. આરોપ પર્યાયમાં હોય, વસ્તુમાં આરોપ હોય જ નહિ, વસ્તુસ્વભાવ તો અનારોપ—નિરપેક્ષ છે.

વસ્તુએ બધા આત્મા જુદા જુદા ત્રિકાળ એકરૂપ છે અને અવસ્થામાં વર્તમાન સિદ્ધદશા હોય ત્યાં સંસારદશા ન હોય અને સંસારદશા હોય ત્યારે સિદ્ધદશા ન હોય—આ આરોપ કર્યા વગરનું પર્યાય કથન છે, પણ આરોપ કરીને સિદ્ધદશા વખતે સંસારદશા અને સંસારદશા વખતે સિદ્ધદશા કહી શકાય છે. આ નયનાં પડખાં સમજવાની વાત છે. આગળ ગાથા ૮૯ ના કળશમાં આચાર્યદેવ પોતે કહે છે કે—"हे जिनेन्द्र ! आपका तत्त्व परम आश्चर्यकारी है, मानो इन्द्रजाल ही है क्या ?" અહીં 'ઈન્દ્રજાળ' ની ઉપમા આપી છે. જો નય-પક્ષમાં જ ગૂંચવાઈ જાય અને પરમાર્થસ્વરૂપ ન સમજે તો ઈન્દ્રજાળ જેવું જ લાગે, અને જો પરમાર્થસ્વરૂપ સમજે અને નય-પક્ષ બરાબર સમજે તો તત્ત્વની વિશાળતા જોઈને પરમ આશ્ચર્ય થાય છે. શ્રી સમયપ્રાભૃતમાં કહ્યું છે કે—"દ્રવ્યપર્યાયાત્મક

જનસંગે વચસંગ ને તેથી મનનો સ્પંદ,
તેથી મન બહુવિધ ભમે, યોગી તજો જનસંગ. ૭૨. —શ્રી સમાધિતંત્ર

અનંતધર્મવાળો વસ્તુનો સ્વભાવ છે. તે અજ્ઞાનીઓના જ્ઞાનમાં આશ્ચર્ય ઉપજાવે છે કે આ તો અસંભવિત જેવી વાત છે! જ્ઞાનીઓને જો કે વસ્તુસ્વભાવમાં આશ્ચર્ય નથી તોપણ તેમને પૂર્વે કદી નહોતો થયો એવો પરમ અદ્ભુત આનંદ થાય છે અને તેથી આશ્ચર્ય પણ થાય છે.''

ગયા કાળે જે અવસ્થા થઈ ગઈ હોય તેને વર્તમાન વર્તતી હોય એમ કહેવાય, ભવિષ્યમાં અવસ્થા થવાની હોય તેને વર્તમાન કહી શકાય—આ બધું ભૂત-ભવિષ્યની અવસ્થા જાણનારું જ્ઞાનનું ત્રિકાળ સામર્થ્ય છે—ગોટા નથી. ભૂતકાળમાં થઈ ગઈ અને ભવિષ્યમાં થશે તે બધી અવસ્થાને વર્તમાનરૂપે જાણવા જ્ઞાન સમર્થ છે; એ જ્ઞાન સ્વભાવનો મહિમા છે.

ભગવાનનો ઉપદેશ એ અપેક્ષાસહિત છે, એકાંત ઉપદેશ ભગવાનનો નથી. નિશ્ચયદૃષ્ટિનો વિષય અખંડ છે, તેના વિષયમાં વ્યવહાર કે વ્યવહારના વિષયરૂપ ખંડ, ભેદ, અવસ્થા આવતાં નથી; પરંતુ વ્યવહાર અને તેનો વિષય અભાવરૂપ નથી, વર્તમાન પૂરતા છે ખરા. વ્યવહારની જ દૃષ્ટિને મિથ્યાદૃષ્ટિ—ખોટી દૃષ્ટિ કહી છે કેમકે વ્યવહારનય એક વર્તમાન અંશને જ લક્ષમાં લ્યે છે અને આખો ત્રિકાળી પદાર્થ તે લક્ષમાં લેતો નથી, અને જે આખા ત્રિકાળી દ્રવ્યને પ્રતીતમાં ન લ્યે તે દૃષ્ટિ સાચી નથી; માટે નિશ્ચયદૃષ્ટિને મુખ્ય કરી અખંડ ત્રિકાળી પદાર્થને લક્ષમાં લેવો—તે જ સમ્યગ્દર્શન છે.

અહીં પ્રથમ નયોનું સ્વરૂપ બતાવીને પછી તેનું લક્ષ છોડાવીને અખંડ વસ્તુ તરફ પ્રૌઢ વિવેક વડે લક્ષ કરાવે છે. અખંડ વસ્તુને લક્ષમાં લેવી તેને 'પ્રૌઢ વિવેક' કહ્યો છે પણ જેની પર્યાય ઉપર જ દૃષ્ટિ છે તે વ્યવહારમૂઢ અર્થાત્ અવિવેકી છે. શ્રી સમયપ્રાભૃતની ૪૧૩ મી ગાથાની ટીકામાં પર્યાયદૃષ્ટિને 'અનાદિરૂઢ' વ્યવહારમાં મૂઢ, પ્રૌઢ વિવેકવાળા નિશ્ચય પર 'અનારૂઢ' કહ્યા છે, એટલે વ્યવસ્થાદૃષ્ટિ છોડીને અખંડ જ્ઞાયકસ્વરૂપ સમયસારને (આત્માને) લક્ષમાં લેવો તે પ્રૌઢ વિવેક પર આરૂઢતા છે. પ્રૌઢ વિવેક એટલે શું? નિશ્ચય-વ્યવહાર બંને નયોને જાણીને પછી જે નિશ્ચયના અખંડ વિષય તરફ ઢળે છે તે પ્રૌઢવિવેકી છે; જ્ઞાનમાં બંને નયોનો સ્વીકાર કરીને નિશ્ચયમાં આરૂઢ છે. વ્યવહારનય છે, તેને ન માનો તો વિવેક કહેવાય નહિ અને જો વ્યવહારમાં જ રોકાઈ જાય તોપણ તે નિશ્ચયનયમાં અનારૂઢ વર્તતા થકા અવિવેકી છે. નયોનું જે જ્ઞાન કરાવે છે તે ભેદનું લક્ષ રાખવા માટે નહિ, પણ ભેદ રહિત અભેદસ્વરૂપ છે તે તરફ લક્ષ કરવા માટે કહેવાય છે.

**અનાત્મદર્શી ગામ વા વનમાં કરે નિવાસ;**
**નિશ્ચળ શુદ્ધાત્મામહીં આત્મદર્શીનો વાસ. ૭૩.** **–શ્રી સમાધિતંત્ર**

ત્રિકાળી સ્વભાવ અને વર્તમાન અવસ્થા એ બે અપેક્ષાએ આત્મતત્ત્વને ઓળખાવ્યું છે. અવસ્થાદૃષ્ટિને લક્ષમાં ગૌણ કરી ત્રિકાળ એકરૂપ સ્વભાવને લક્ષમાં લેવો અર્થાત્ તે ઉપર દૃષ્ટિનું જોર આપવું તે દ્રવ્યદૃષ્ટિ અને અવસ્થાને લક્ષમાં લેવી તે પર્યાયદૃષ્ટિ છે; એ બંને પડખાંનું જ્ઞાન તે પ્રમાણ છે.

જીવ અર્થાત્ આત્મા અનંત ગુણોના પિંડરૂપ ત્રિકાળી વસ્તુ છે. વસ્તુમાં ગુણ કાયમ હોય. વસ્તુ અને ગુણ કાયમ હોવા છતાં અવસ્થા ક્ષણે ક્ષણે બદલે, અવસ્થા એક સમયે એક જ પ્રગટ હોય અને દ્રવ્ય-ગુણનું સત્ત્વ તો ત્રિકાળ એકરૂપ જ અખંડ હોય; તે અખંડ વસ્તુનું લક્ષ કરવું તે દ્રવ્યદૃષ્ટિ છે અને પર્યાયનું લક્ષ કરવું તે પર્યાયદૃષ્ટિ છે. પર્યાય એક સમય પૂરતી છે, મોક્ષપર્યાય પણ એક સમયની જ છે. મોક્ષપર્યાય એક સમયે બે પ્રગટરૂપ હોઈ શકે નહિ. નિર્મળ સિદ્ધદશામાં પણ બધા કાળનો અનુભવ એક સમયમાં ભેગો થઈને આવે નહિ; તેમ જ સંસારદશા પણ એક જ સમય પૂરતી છે. પર વસ્તુ તે સંસાર નથી, પણ આત્માનો વિકારભાવ તે સંસાર છે; રાગ-દ્વેષ વિકારભાવ એક જ સમય પૂરતા છે, એક સમય ગયા પછી બીજો સમય આવે છે. એક સમય રહીને બીજો સમય આવે—એમ બે સમય કદી ભેગા થતા નથી. એક સમયની અવસ્થામાં બીજા સમયની અવસ્થા ભેગી થાય નહિ. સંસારદશા એક સમયની, મોક્ષમાર્ગ-દશા એક સમયની અને મોક્ષદશા પણ એક જ સમયની છે. રાગાદિ મારા એવી ઊંધી શ્રદ્ધા તે સંસાર છે; એકેક સમયે નવા નવા કરીને ભલે રાગ-દ્વેષ લાંબો કાળ રહ્યા કરે, પરંતુ પહેલા સમયના રાગ-દ્વેષ ટળીને બીજા સમયે તે જાતના નવા થયા છે, ત્યાં જાતિ એવીને એવી હોવા છતાં સમય બદલી ગયો છે, બીજા સમયનો વિકાર તે વખતે નવો કર્યો છે.

અહીં અવસ્થાનું સ્વરૂપ બતાવવાનું પ્રયોજન એ છે કે અવસ્થા ક્ષણિક છે માટે તે ઉપર દૃષ્ટિનું વજન ન આપતાં ત્રિકાળી દ્રવ્યસ્વભાવ ઉપર દૃષ્ટિનું વજન આપવું; ત્રિકાળી સ્વભાવના લક્ષે અવસ્થા નિર્મળ થઈ જાય છે.

ત્રિકાળી દ્રવ્ય-ગુણસ્વરૂપ આત્મા છે, તેની એક સમયે એક જ અવસ્થા હોય, સંસાર કે મોક્ષ એક જ સમય પૂરતી પર્યાય છે; સંસારદશાનો અભાવ કરી મોક્ષદશા પોતાના પુરુષાર્થથી પ્રગટી શકે છે. સંસાર અનાદિનો છે પરંતુ બે સમયનો વિકાર ભેગો થયો નથી. (ક્રમશઃ)

❊

દેહે આતમ-ભાવના દેહાન્તરગતિ-બીજ;
આત્મામાં નિજ-ભાવના દેહમુક્તિનું બીજ. ૭૪. –શ્રી સમાધિતંત્ર



# વૈરાગ્ય–ભાવના

(શ્રી કાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન)

હવે, ચાર્વાકમતી જ્ઞાનને પૃથ્વી આદિનો વિકાર માને છે તેને નિષેધે છે :—

**णाणं भूयबियारं जो मण्णदि सो वि भूदगहिदव्वो ।**
**जीवेण विणा णाणं किं केणवि दीसदे कत्थ ? ।।१८१।।**

અર્થ :—જ્ઞાનને પૃથ્વી આદિ પાંચ ભૂતોનો વિકાર માને છે તે ચાર્વાકમતી ભૂતથી અર્થાત્ પિશાચથી ગ્રહાયો છે–ઘેલો છે; કારણ કે જ્ઞાન વિના જીવ ક્યાંય કોઈને કોઈ ઠેકાણે જોવામાં આવે છે? ક્યાંય પણ જોવામાં આવતું નથી.

જેમ ઘડિયાળમાં તેના સ્પેરપાર્ટ ભેગા થાય ત્યારે જ તે ચાલે છે, તેવી જ રીતે જ્ઞાન પણ સંયોગથી થાય છે એટલે કે ઇન્દ્રિય, શાસ્ત્ર આદિ અનેક સાધન હોય તો જ્ઞાન થાય છે–એમ માનવાવાળો પણ ચાર્વાકમતવાળો છે. અંતરમાં સ્વભાવ સ્થાયી છે તેનું અવલંબન કરું તો ધર્મ થાય–એમ ન માનીને બાહ્ય સંયોગથી ધર્મ થાય એમ માને છે તે જીવ પણ ચાર્વાક જેવો મિથ્યાદૃષ્ટિ જ છે. ચાર્વાકમતવાળો જીવ એમ માને છે કે પૃથ્વી, અગ્નિ આદિ પંચમહાભૂતમાંથી જીવની ઉત્પત્તિ થઈ છે અને પાછો તે જ પંચમહાભૂતમાં વિલિન થઈ જાય છે તેનાથી વિશેષ કોઈ જ્ઞાનસ્વભાવી જીવને માનતો નથી. સ્વર્ગ, નરક અને મોક્ષ જેવું કાંઈપણ નથી એમ માને છે. પણ ભાઈ ! આત્મા છે, તેમાં પુણ્ય-પાપ થાય છે, પુણ્યનું ફળ સ્વર્ગ છે, પાપનું ફળ નરક છે અને પુણ્ય-પાપરહિત સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનું ફળ મોક્ષ છે.

આત્મા જ્ઞાનસ્વભાવી સત્ વસ્તુ છે. જ્ઞાનરહિત જીવ કોઈને ક્યારેય કોઈ સ્થાનમાં જોવામાં આવતો નથી. જીવ છે પરંતુ જ્ઞાન નથી–એમ જગતમાં ક્યારેય, કોઈને, ક્યાંયપણ જોવામાં આવતો નથી.–'આવો જીવ નથી' એમ કહેતા જ જીવની સિદ્ધિ થઈ જાય છે કેમકે વસ્તુને જાણ્યા વિના તેનો અભાવ કહેવામાં આવતો નથી.

જંગલમાં એક ગામડાના માણસે વાણિયાથી માલ લીધો. વાણિયો સમજી ગયો કે આ પૈસા નહીં આપે એટલે તેણે એક યુક્તિનો પ્રયોગ કરતા કહ્યું કે ભાઈ ! તમે માલ લીધો છે તેનો સાક્ષી તો જોઈએ. જંગલમાં બીજું કોઈ ન હતું એટલે એક કાળી બિલાડીને બતાવીને કહ્યું કે આ આપણી સાક્ષી છે. પછી કોર્ટમાં કેસ ચાલ્યો ત્યારે ન્યાયાધીશે કહ્યું

**જીવ જ પોતાને કરે જન્મ તથા નિર્વાણ;**
**તેથી નિજ ગુરુ નિશ્ચયે જીવ જ, અન્ય ન જાણ. ૭૫. –શ્રી સમાધિતંત્ર**

કે તમારી વાતનો કોઈ સાક્ષી છે ? ત્યારે વાણિયાએ બીજી બિલાડી બતાવીને કહ્યું કે આ બિલાડી સાક્ષી છે. ત્યારે તરત જ ગામડિયાએ કહ્યું આ બિલાડી નહોતી. બસ ! 'આ નહોતી તો બીજી હતી'—એમ સિદ્ધ થઈ ગયું. આ જ પ્રમાણે અજ્ઞાની કહે છે 'જીવ નથી' પરંતુ જીવ નથી તેમ કહેતા જ જીવનું અસ્તિત્વ સિદ્ધ થઈ જાય છે. જીવ નથી એમ કહેવાવાળો પોતે કોણ છે ? એ પણ જીવ જ છે ને ! શ્રીમદ્ રાજચંદ્રએ કહ્યું છે : 'શંકાનો કરનાર ને, અચરજ એ અમાપ.'

'હું નથી'—એમ શંકા કોણે કરી ? જીવ વગર એવી શંકા કોણે કરી ? શંકા કરવાવાળો પોતે જીવ જ છે.

હવે, એમાં દૂષણ દર્શાવે છે :—

**सच्चेयणपच्चक्खं जो जीवं णेव मण्णदे मूढो ।**
**सो जीवं ण मुणंतो जीवाभावं कहं कुणदि ॥१८२॥**

અર્થ :—આ જીવ, સત્‌રૂપ અને ચૈતન્યરૂપ સ્વસંવેદન પ્રત્યક્ષપ્રમાણથી પ્રસિદ્ધ છે તેને ચાર્વાક માનતો નથી, પણ તે મૂર્ખ છે. જો જીવને જાણતો–માનતો નથી તો તે જીવનો અભાવ કેવી રીતે કરે છે?

ભાવાર્થ :—જે જીવને જાણતો જ નથી તે તેનો અભાવ પણ કહી શકે નહીં. અભાવને કહેવાવાળો પણ જીવ છે, કેમ કે સદ્‌ભાવ વિના અભાવ પણ કહ્યો જાય નહિ.

જીવને જાણ્યા વિના તેનો અભાવ થઈ શકતો નથી. માટે જીવનો અભાવ દર્શાવવાવાળાના મતમાં દોષ દર્શાવે છે.

આત્માનો સદ્‌ભાવ જાણ્યા વિના 'આત્મા નથી'—એવો અભાવ પણ કહેવામાં આવતો નથી. અહાહા ! જ્ઞાનસ્વભાવી આત્મા ત્રિકાળ આનંદકંદ છે. આત્મા છે—એવો તેનો સદ્‌ભાવ જાણે, ત્યારે 'દેહાદિ છે તે આત્મા નથી' આ પ્રમાણે પરરૂપથી આત્માનો અભાવ કહેવામાં આવે છે. પરંતુ આત્માને જાણ્યા વિના આત્માનો અભાવ કહેવામાં આવી શકતો નથી. દેહમાં રોગ થયો, તે દેહ નહીં પણ આત્મા જ જાણે છે, માટે આત્મા, દેહથી ભિન્ન જાણવાવાળું તત્ત્વ છે.

હવે તે મતવાળાને જ યુક્તિપૂર્વક જીવનો સદ્‌ભાવ દર્શાવે છે :—

**जदि ण य हवेदि जीओ तो को वेदेदि सुक्खदुक्खाणि ।**
**इंदियविसया सव्वे को वा जाणदि विसेसेण ॥१८३॥**

**દેખી લય પોતાતણો, વળી મિત્રાદિવિયોગ,**
**દઢ દેહાતમબુદ્ધિને મરણભીતિ બહુ હોય. ૭૬.** —**શ્રી સમાધિતંત્ર**

અર્થ :—જો જીવ ન હોય તો પોતાને થતાં સુખ-દુઃખને કોણ જાણે? તથા ઇન્દ્રિયોના સ્પર્શાદિક વિષયો છે તે બધાને વિશેષતાથી કોણ જાણે?

ભાવાર્થ :—ચાર્વાક (માત્ર એક) પ્રત્યક્ષપ્રમાણને માને છે. તે, પોતાને થતાં સુખ-દુઃખને તથા ઇન્દ્રિઓના વિષયોને જાણે છે તે પ્રત્યક્ષ છે. હવે જીવ વિના પ્રત્યક્ષપ્રમાણ કોને હોય? માટે જીવનો સદ્ભાવ (અસ્તિત્વ) અવશ્ય સિદ્ધ થાય છે.

હવે યુક્તિપૂર્વક જીવનો સદ્ભાવ દર્શાવે છે.

હું સુખી છું, હું દુઃખી છું—એવું સુખ-દુઃખનું વેદન જીવ વગર કોણ કરે છે ? આત્મા, ત્રિકાળી સત્ છે, તેની શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર કરે તો સુખ છે અને તે સત્સ્વભાવથી વિપરીત માન્યતા, તે અસત્ છે અને તે અસત્ માન્યતાનું ફળ દુઃખ છે. તેનાથી વિશેષ સંયોગમાં સુખ કે દુઃખ નથી. ઇન્દ્રિયોના સ્પર્શ આદિ વિષયોમાં આ શીતળ છે, આ ગરમ છે, આ ગળ્યું છે, આ ખાટું છે, આ સુગંધ છે, આ દુર્ગંધ છે—એમ કોણ જાણે છે ? આત્મા જ તેને જાણે છે. ઇન્દ્રિયોમાં તેને જાણવાનું સામર્થ્ય નથી. જ્ઞાનમાં જ તેને જાણવાનું સામર્થ્ય છે. ઇન્દ્રિયોના વિષયોમાં જ્ઞાન નથી પરંતુ આત્મા જ તેને જ્ઞાનથી જાણે છે. જેમ ગમે તેટલું અંધકાર ભેગું કરો પણ તેનાથી પ્રકાશ થતો નથી. તેમ અનંત જડપદાર્થ ભેગા થઈને તેમાંથી ચેતનની ઉત્પત્તિ ન કરી શકે અને ચેતનની કોઈપણ અંશમાં જડની ઉત્પત્તિ ન થઈ શકે. માટે જાણવાવાળું તત્ત્વ દેહાદિના સંયોગથી ભિન્ન છે, તે ચેતન જ જીવતત્ત્વ છે.

જીવ છે ત્યાં સુધી જે કહો તે સાંભળે છે પરંતુ જીવ ચાલ્યો જતા દેહ પડ્યો રહે છે તે કાંઈ સાંભળતું નથી કેમકે દેહમાં જ્ઞાન નથી. જાણવાવાળું તત્ત્વ તો જીવ છે, તે જીવ વગર સુખ-દુઃખ આદિનું વેદન કોણ કરશે ? હું સુખી, હું દુઃખી, આ સારું, આ ખરાબ એમ જાણવાવાળું તો આત્માનું જ્ઞાન છે.

ભાઈ ! તું તારી આંખ (અર્થાત્ જ્ઞાનનેત્ર) ખોલીને તત્ત્વોને જાણ કે જગમાં કેટલા તત્ત્વ છે ? જેમ કોઈને મોતીયો આવ્યો હોય તો તેને ડૉક્ટર પૂછે કે આ કેટલી આંગળી છે ? અને મોતીયો નીકળી જતા જેટલી આંગળી હોય તેટલી દેખે છે. તેવી જ રીતે સર્વજ્ઞ ભગવાન કહે છે કે તું મિથ્યાત્વરૂપી મોતીયો ઉતારીને જ્ઞાનચક્ષુ ખોલીને જગતના પદાર્થોને જો ! જગતમાં જીવ છે, અજીવ છે—એમ સાત તત્ત્વો છે, તેને નહીં માનતો થકા જીવને મિથ્યાત્વરૂપી મોતીયાનો અભાવ થયો નથી. (ક્રમશઃ) ❊

**નિજમાં નિજધી આત્મથી માને તન-ગતિ ભિન્ન,**
**અભય રહે, જ્યમ વસ્ત્રને છોડી ગ્રહે નવીન. ૭૭.** **–શ્રી સમાધિતંત્ર**

# સ્વતંત્રતાની ઘોષણા

(ચાર બોલથી સ્વતંત્રતાની ઘોષણા કરતાં ખાસ પ્રવચન)

## (૪) વસ્તુની સદા એકરૂપે સ્થિતિ રહેતી નથી

સર્વજ્ઞદેવે જોયેલ વસ્તુનું સ્વરૂપ એવું છે કે તે કાયમ ટકીને ક્ષણે ક્ષણે નવી અવસ્થારૂપે પરિણમ્યા કરે. અવસ્થા બદલ્યા વગર એમ ને એમ કૂટસ્થ જ રહે—એવું વસ્તુનું સ્વરૂપ નથી. વસ્તુ દ્રવ્ય—પર્યાયસ્વરૂપ છે, એટલે એમાં સર્વથા એકલું નિત્યપણું નથી. પર્યાયથી પલટાવાપણું પણ છે. વસ્તુ પોતે જ પોતાની પર્યાયરૂપે પલટે છે, કોઈ બીજો તેને પલટાવે—એમ નથી. નવી નવી પર્યાયરૂપે થવું તે વસ્તુનો પોતાનો સ્વભાવ છે, તો બીજો તેને શું કરે? આ સંયોગોને કારણે આ પર્યાય થઈ —એમ સંયોગને લીધે જે પર્યાય માને છે તેણે વસ્તુના પરિણમનસ્વભાવને જાણ્યો નથી. ભાઈ, તું સંયોગથી ન જો, વસ્તુના સ્વભાવને જો. વસ્તુનો સ્વભાવ જ એવો છે કે તે કાયમ એકરૂપે ન રહે. દ્રવ્યપણે એકરૂપ રહે પણ પર્યાયપણે એકરૂપે ન રહે, પલટાયા જ કરે—એવું વસ્તુનું સ્વરૂપ છે.

આ ચાર બોલથી એમ સમજાવ્યું કે વસ્તુ પોતે જ પોતાના પરિણામરૂપ કાર્યની કર્તા છે,-આ ચોક્કસ સિદ્ધાન્ત છે.

આ પુસ્તકનું પાનું પહેલાં આમ હતું ને પછી ફર્યું, ત્યાં હાથ અડ્યો માટે તે ફર્યું એમ નથી; પણ તે પાનાનાં રજકણોમાં જ એવો સ્વભાવ છે કે સદા એકરૂપે તેની સ્થિતિ ન રહે, તેની હાલત બદલાયા જ કરે. તેથી તે સ્વયં પહેલી અવસ્થા છોડીને બીજી અવસ્થારૂપ થયા છે, બીજાને લીધે નહિ. વસ્તુમાં ભિન્ન—ભિન્ન અવસ્થા થયા જ કરે છે; ત્યાં સંયોગને કારણે તે ભિન્ન અવસ્થા થઈ—એવો અજ્ઞાનીનો ભ્રમ છે કેમકે તે સંયોગને જ જુએ છે પણ વસ્તુના સ્વભાવને દેખતો નથી. વસ્તુ પોતે પરિણમનસ્વભાવવાળી છે એટલે એક જ પર્યાયરૂપે તે રહ્યા ન કરે;—આવા સ્વભાવને જાણે તો, કોઈ સંયોગથી પોતામાં કે પોતાથી પરમાં ફેરફાર થવાની બુદ્ધિ છૂટી જાય, ને સ્વદ્રવ્ય સામે જોવાનું રહે, એટલે મોક્ષમાર્ગ પ્રગટે.

પાણી પહેલાં ઠંડું હતું. ચૂલા ઉપર આવતાં ઊનું થયું, ત્યાં તે રજકણોનો જ એવો સ્વભાવ છે કે એક અવસ્થારૂપે કાયમ તેની સ્થિતિ ન રહે, તેથી તે પોતાના સ્વભાવથી જ

> **સૂતો જે વ્યવહારમાં તે જાગે નિજમાંય;**
> **જાગૃત જે વ્યવહારમાં, સુષુપ્ત આત્મામાંય. ૭૮.** —**શ્રી સમાધિતંત્ર**

ઠંડી અવસ્થા છોડીને ઊની અવસ્થારૂપ પરિણમ્યા છે,—આમ સ્વભાવને ન જોતાં, અજ્ઞાની સંયોગને જુએ છે કે અગ્નિ આવી માટે પાણી ઊનું થયું. અહીં આચાર્યદેવે ચાર બોલથી સ્વતંત્ર વસ્તુસ્વરૂપ સમજાવ્યું છે, તે સમજે તો ક્યાંય ભ્રમ ન રહે.

એક સમયમાં ત્રણ કાળ—ત્રણ લોકને જાણનારા સર્વજ્ઞ પરમાત્મા વીતરાગ તીર્થંકરદેવની દિવ્ય—વાણીમાં આવેલું આ તત્ત્વ છે, તે સંતોએ પ્રગટ કર્યું છે.

બરફના સંયોગથી પાણી ઠંડું થયું ને અગ્નિના સંયોગથી પાણી ઊનું થયું—એમ અજ્ઞાની દેખે છે, પણ પાણીના રજકણમાં જ ઠંડી—ઊની અવસ્થારૂપે પરિણમવાનો સ્વભાવ છે તેને અજ્ઞાની દેખતો નથી. ભાઈ! અવસ્થાની એકરૂપે સ્થિતિ ન રહે એવું જ વસ્તુનું સ્વરૂપ છે. વસ્તુ કૂટસ્થ નથી પણ વહેતા પાણીની માફક દ્રવે છે—પર્યાયને પ્રવહે છે; તે પર્યાયનો પ્રવાહ વસ્તુમાંથી આવે છે, સંયોગમાંથી નથી આવતો. ભિન્ન પ્રકારના સંયોગને કારણે અવસ્થાની ભિન્નતા થઈ, કે સંયોગ બદલ્યા માટે અવસ્થા બદલી—એમ અજ્ઞાનીને ભ્રમ થાય છે, પણ વસ્તુસ્વરૂપ એમ નથી. અહીં ચાર બોલથી વસ્તુનું સ્વરૂપ એકદમ સ્પષ્ટ કર્યું છે.

૧. પરિણામ તે જ કર્મ છે.

૨. પરિણામી વસ્તુના જ પરિણામ છે, અન્યના નહિ.

૩. તે પરિણામરૂપી કર્મ કર્તા વગરનું હોતું નથી.

૪. વસ્તુની સ્થિતિ એકરૂપે રહેતી નથી.

—માટે વસ્તુ પોતે જ પોતાના પરિણામસ્વરૂપ કર્મની કર્તા છે. એ સિદ્ધાન્ત છે.

—આ ચાર બોલમાં તો ઘણું રહસ્ય સમાવી દીધું છે. એનો નિર્ણય કરતાં ભેદજ્ઞાન થાય, ને દ્રવ્યસન્મુખદૃષ્ટિથી મોક્ષમાર્ગ પ્રગટે.

પ્રશ્ન :—સંયોગ આવે તે પ્રમાણે અવસ્થા બદલાતી દેખાય છે?

ઉત્તર :—એ સાચું નથી; વસ્તુસ્વભાવને જોતાં એમ દેખાતું નથી. અવસ્થા બદલવાનો સ્વભાવ વસ્તુનો પોતાનો છે—એમ દેખાય છે. કર્મનો મંદ ઉદય માટે મંદરાગ ને તીવ્ર ઉદય માટે તીવ્રરાગ—એમ નથી, અવસ્થા એકરૂપ ન રહે પણ મંદ-તીવ્રપણે બદલાય એવો સ્વભાવ વસ્તુનો પોતાનો છે, તે કાંઈ પરને લીધે નથી.

**અંદર દેખી આત્મને, દેહાદિકને બાહ્ય,**
**ભેદજ્ઞાન-અભ્યાસથી શિવપદ-પ્રાપ્તિ થાય. ૭૯. –શ્રી સમાધિતંત્ર**

ભગવાન પાસે જઈને પૂજા કરે કે શાસ્ત્ર સાંભળે તે વખતે જુદા પરિણામ, ને ઘરે જાય ત્યાં જુદા પરિણામ. તો શું સંયોગના કારણે તે પરિણામ બદલાયા? ના; વસ્તુ એકરૂપે ન રહેતાં તેના પરિણામ પલટે એવો જ તેનો સ્વભાવ છે. તે પરિણામનું પલટવું વસ્તુના આશ્રયે થાય છે, સંયોગના આશ્રયે નહિ. આ રીતે વસ્તુ સ્વયં પોતાના પરિણામની કર્તા છે—એ નિશ્ચિત સિદ્ધાન્ત છે. આ ચાર બોલના સિદ્ધાન્ત પ્રમાણે વસ્તુસ્વરૂપ સમજે તો મિથ્યાત્વના મૂળિયા ઊખડી જાય ને પરાશ્રિતબુદ્ધિ છૂટી જાય. આવા સ્વભાવનું ભાન થતાં વસ્તુ ઉપર લક્ષ જાય છે ને સમ્યગ્જ્ઞાન થાય છે. તે સમ્યગ્જ્ઞાનપરિણામનો કર્તા આત્મા પોતે છે. પહેલાં અજ્ઞાનપરિણામ પણ વસ્તુના જ આશ્રયે હતા, ને હવે જ્ઞાનપરિણામ થયા તે પણ વસ્તુના જ આશ્રયે છે.

મારી પર્યાયનો કર્તા બીજો નહિ, મારું દ્રવ્ય જ પરિણમીને મારી પર્યાયનું કર્તા છે—એવો નિશ્ચય કરતાં સ્વદ્રવ્ય ઉપર લક્ષ જાય ને ભેદજ્ઞાન તથા સમ્યક્ત્વ થાય. હવે તે કાળે કાંઈક રાગાદિ પરિણામ રહ્યા તે પણ આત્માનું પરિણમન હોવાથી આત્માનું કાર્ય છે—એમ ધર્મી જીવ જાણે છે, તે અપેક્ષાએ વ્યવહારનયને તે કાળે જાણેલો પ્રયોજનવાન કહ્યો છે. ધર્મીને દ્રવ્યનો શુદ્ધ સ્વભાવ લક્ષમાં આવી ગયો છે એટલે સમ્યક્ત્વાદિ નિર્મળ-કાર્ય થાય છે, ને જે રાગ બાકી રહ્યો તેને પણ તે પોતાનું પરિણમન જાણે છે પણ હવે તેની મુખ્યતા નથી, મુખ્યતા તો સ્વભાવની થઈ ગઈ છે. પહેલાં અજ્ઞાનદશામાં મિથ્યાત્વાદિ પરિણામ હતા તે પણ સ્વદ્રવ્યના જ આશ્રયે હતા; પણ જ્યારે નક્કી કર્યું કે મારા પરિણામ મારા દ્રવ્યના જ આશ્રયે થાય છે—ત્યારે તે જીવને મિથ્યાત્વપરિણામ રહે નહિ, તેને તો સમ્યક્ત્વાદિરૂપ પરિણામ જ હોય. હવે જે રાગપરિણમન સાધકપર્યાયમાં બાકી રહ્યું છે તેમાં જોકે તેને એકત્વબુદ્ધિ નથી છતાં તે પરિણમન પોતાનું છે—એમ તે જાણે છે. આવું વ્યવહારનું જ્ઞાન તે કાળે પ્રયોજનવાન છે. સમ્યગ્જ્ઞાન થાય ત્યારે નિશ્ચય—વ્યવહારનું સ્વરૂપ યથાર્થ જણાય, ત્યારે દ્રવ્ય-પર્યાયનું સ્વરૂપ જણાય, ત્યારે કર્તા-કર્મનું સ્વરૂપ જણાય, ને સ્વદ્રવ્યના લક્ષે મોક્ષમાર્ગરૂપ કાર્ય પ્રગટે. તેનો કર્તા આત્મા પોતે છે.

આ રીતે આ ૨૧૧મા કળશમાં આચાર્યદેવે ચાર બોલથી સ્પષ્ટ કરીને અલૌકિક વસ્તુસ્વરૂપ સમજાવ્યું, તેના ઉપરનું વિવેચન પૂરું થયું.

ઈતિ સ્વતંત્રતાની ઘોષણા પૂર્ણ.

**સ્વાત્મદર્શીને પ્રથમ તો જગ ઉન્મત્ત જણાય;**
**દૃઢ અભ્યાસ પછી જગત્ કાષ્ટ-દૃષદવત્ થાય. ૮૦.** **–શ્રી સમાધિતંત્ર**



## અનુભવપ્રકાશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન

આંખ વગરનો માણસ કુવામાં પડે તો નવાઈ નથી, પણ દેખતો પડે તો નવાઈ છે. તેમ આત્મા જ્ઞાતાદૃષ્ટા છે, તે સંસાર-કૂપમાં પડે એ મોટું આશ્ચર્ય છે. જાણવું તેનો સ્વભાવ છે. છતાં આંધળો થઈ શરીરાદિ તથા વિકારને પોતાના માની કુવામાં પડે છે એ મોટું આશ્ચર્ય છે. અસાવધાનીરૂપ મોહથી ઠગાણા છે, તેથી પરઘરને પોતાનું માની નિજઘર ભૂલ્યો છે. શરીર તથા શુભાશુભ ભાવોને પોતાના માની નિજઘરને ભૂલ્યો છે. વાણિયાનો દીકરો હલકી નાતની કન્યા પરણે તેમાં તેનો મોહભાવ છે, તેમ જ્ઞાનસ્વભાવી આત્મા વિકાર અને સંયોગાદિ પરવસ્તુમાં રોકાણો છે, તે તેનો મોહભાવ છે. પર ચીજો પોતાની હયાતીમાં વિયોગ પામે છે. એમ જાણવા છતાં તેને પોતાની માને છે. જ્ઞાનમંત્રથી મોહ ટળે. હું જ્ઞાનમૂર્તિ આનંદસ્વરૂપ છું—એવું ભાન કરે તો મોહ ટળે ને નિજઘરને પામે.

“હણે બોધ વીતરાગતા અચૂક ઉપાય આમ.” બોધ દર્શનમોહનો નાશ કરે છે ને વીતરાગતા ચારિત્રમોહનો નાશ કરે છે.

શ્રીગુરુ વારંવાર નિજઘર પામવાનો ઉપાય બતાવે છે. શ્રીગુરુ કહે છે કે તારું અખંડિત રાજ્ય તારામાં છે. જાણવા-દેખવાનો વેપાર તારામાં છે. વિકાર અને શરીરને ભૂલી જા, રુચિ પલટાવ, એમ કહીને આ રીત બતાવે છે. પોતાના અખંડિત નિધાનને લઈ અવિનાશી રાજ્ય કર. તારી બેદરકારી જ પોતાનું રાજ્યપદ ભૂલી ગયો છે, તારી ભૂલથી તું રખડે છે. અજ્ઞાની જીવ મફતનો કર્મ ઉપર દોષ નાખે છે.

પોતાનું રાજ્યપદ ભૂલી કોડી કોડીનો ભિખારી થયો છે. અજ્ઞાની જીવ દીકરા માટે માગણી કરે, “હે પ્રભુ ! આટલા પૈસા આપ્યા, હવે સવાશેર માટી આપજે.” એમ પુત્ર માટે ભિખારાપણું કરે છે. કોઈ જીવ પૈસા માટે ભીખ માગે, કંગાલ જેવો થઈ ગયો છે. હલકી કોમના ગ્રાહકો દુકાને માલ લેવા આવે તો તેની પાસે પણ દીનતા કરે, પોતાનું નિધાન ભૂલ્યો છે. પોતાના ચિદાનંદ સ્વભાવની અંતર રુચિ કરે, તો નિધાન પોતા પાસે

**બહુ સુણે ભાખે ભલે દેહભિન્નની વાત;**
**પણ તેને નહિ અનુભવે ત્યાં લગી નહિ શિવલાભ. ૮૧.** **–શ્રી સમાધિતંત્ર**

છે. નજીકનું નિજપદ ન સંભાળ્યું તેથી તું દુઃખી થયો. અજ્ઞાની માને છે કે પુણ્ય કરીએ તો પૈસા મળે ને તેથી સુખી થઈએ, પણ સ્વભાવમાં સુખ છે, એમ તે માનતો નથી, તેથી દુઃખી થયો છે.

જેમ ચાંપા નામના ગોવાળે ધતૂરો પીધો ને ગાંડો થયો ત્યારે 'હું ચાંપો નથી,' એમ માનવા લાગ્યો. પછી તે પોતાને ઘેર જઈ બૂમ મારે છે કે ચાંપો ઘરે છે ? ત્યારે તેની સ્ત્રીએ કહ્યું તું કોણ છે ? ત્યારે તે ચેત્યો કે હું ચાંપો છું. તેમ અજ્ઞાની બહારમાં સુખ માગે છે. ક્યાંય શાંતિ મળે ? ગુરુએ કહ્યું કે તારામાં સુખ છે, તારું નિધાન તારી પાસે છે, બહાર શોધવા જવું પડે તેમ નથી. ચિદાનંદની શક્તિનો ભંડાર તું છે, તેના ગાણાં દિવ્યધ્વનિથી પૂરા ગવાય તેમ નથી. તેને પામે તે સુખી થાય. ક્યાં સુધી કહીએ ? વસ્તુ તો મહિમાની ખાણ છે. આત્મા પોતે કદી કરમાણો નથી, એક પણ શક્તિ મરી ગઈ નથી. વસ્તુ તો એવી ને એવી પડી છે. વળી પોતાનું પદ અનુપમ છે. એવું પોતાનું રાજ્ય છે, સ્વાભાવિક સુખનો કંદ છે, વળી આત્મા ઇન્દ્રિયોથી ને રાગથી જણાય તેવો નથી, પોતાથી જણાય તેવો છે. પોતાનું તેજ મર્યાદા વિનાનું છે. સ્વભાવને મર્યાદા નથી, તે અનંત મહિમાનો ધરનાર છે, પણ અજ્ઞાની જીવ વિષયવાસના, કામ, ક્રોધ વગેરેમાં સ્વપણું માની આનંદ માને છે, પણ ત્યાં દુઃખ છે.

અનુભવપ્રકાશ એટલે શું ? આત્માનું નિજાનંદ સ્વરૂપ છે. તેની પર્યાયમાં પુણ્ય-પાપ થાય છે તે વેશ છે. તેની રુચિ છોડીને સ્વભાવનો અનુભવ કરવો તે અનુભવપ્રકાશ છે. નટ વેશ ધરે ત્યાં સુધી નાચે છે ને ઘરનો વેશ પહેરે ત્યારે નાચતો નથી. આ દૃષ્ટાંત છે. તેમ આત્મા જ્ઞાનાનંદ છે, તેને ચૂકીને વ્રત, ભક્તિ આદિ વિકારના પરિણામને પોતાના માની રઝળી રહ્યો છે. મેં વ્રત પાળ્યાં. મેં પૂજા કરી—એવો મિથ્યાભાવ સ્વાંગ છે, તેને લીધે ચોરાશીમાં રખડે છે. તે સ્વાંગ મૂળસ્વરૂપ નથી. આત્માનું જ્ઞાતાદૃષ્ટાપણું મૂળસ્વરૂપ છે. તેનું ભાન કર્યા વિના વિકારથી લાભ માને છે, તેથી ચોરાશીમાં અવતાર કરે છે.

હું તો જ્ઞાનાનંદ સ્વરૂપ છું, એવું ભાન કરે ને અંતરદૃષ્ટિ કરી સ્થિર રહે તો ચોરાશીમાં અવતાર થાય નહી. ઘણી તપશ્ચર્યા કરી મિથ્યાદૃષ્ટિ મુનિ નવમી ગ્રૈવેયકે જાય છે, પણ વિકારને તે પોતાનું સ્વરૂપ માને છે, તેથી સંસારમાં રખડે છે.

**નિજને તનથી વાળીને, અનુભવવો નિજમાંય;**
**જેથી તે સ્વપ્નેય પણ તનમાં નહિ જોડાય. ૮૨.** —શ્રી સમાધિતંત્ર

પુણ્ય-પાપની લાગણી અસ્થિર છે-ચંચળ છે. તે ચંચળતા મટવાથી આત્મામાં ભવનો અભાવ થાય ને જ્ઞાનદૃષ્ટિ ખૂલે. હું જ્ઞાતા છું, શુભાશુભનો જાણનાર છું પણ તેનો કર્તા નથી.

"तनता, मनता, वचनता, जडता जडसम्मेल।
गुरुता, लघुता, गमनता, वह अजीवके खेल।।"

એ બધો અજીવનો ખેલ છે, તે આત્માનું સ્વરૂપ નથી. આત્મા જાણનાર છે, એમાં સ્થિર થાય તો પરિભ્રમણ મટે.

આ સમ્યગ્દર્શનની વાત ચાલે છે, તેને અનુભવ કહે છે. સ્વભાવમાં પરિભ્રમણ નથી. એમ શ્રદ્ધા કરે, મુનિઓને આનંદકંદમાં લીનતા હોય છે. તેવા અનુભવમાં સ્થિર રહે, તેને ધન્ય છે.

પોતે જ્ઞાનાનંદ સ્વરૂપ છે. તેના સમ્યક્જ્ઞાનથી અવલોકન કરતાં અખંડ રસધારા વરસે તે અનુભવ છે. પુણ્ય-પાપ ખંડધારા છે, ચિદાનંદના આશ્રયે રસધારા વરસે છે, એમ જાણી મિથ્યાત્વભાવ મટાડે વિકાર મારું સ્વરૂપ છે એવી માન્યતા મટાડે તો સમ્યગ્દર્શન થાય ને પરિભ્રમણ મટે.

ધર્માત્મા વિચારે છે કે હું શક્તિની ખાણ છું, સુખનિધાન છું, મારું જ્ઞાનસ્વરૂપ છે. પરમ પ્રકાશ છે, વ્યવહાર ને શરીરની ક્રિયાનો જાણનાર છું પણ કરનાર નથી. વળી જેને કોઈની ઉપમા નથી એવું મારું પદ છે.

આવા આત્માનું સ્વરૂપ છે. આકાશવત્ અવિકારી પદ છે. કર્મનું અવલંબન લીધું તેથી સંસાર થયો છે—એમ વિચારે છે. કર્મ આત્માને વિકાર કરાવતું નથી, સ્વભાવનું અવલોકન છોડી પુણ્ય-પાપના ભાવ કરે તે વિકાર તે સંસાર છે. જેમ આકાશને લેપ લાગતો નથી, વાદળાં આવે ને જાય તોપણ આકાશમાં લેપ લાગતો નથી, તેવો મારો આત્મા છે. શરીર, મન, વાણી આદિ આવે ને જાય તોપણ લેપ નથી. કર્મના નિમિત્તે લેપ લાગેલ છે પણ સ્વભાવમાં લેપ નથી.

પ્રશ્ન :—આનંદકંદ આત્મામાં પરના નિવાસનો અવકાશ નથી, કર્મ જડ-રૂપી છે ને આત્મા ચૈતન્ય-અરૂપી છે. તેમાં કર્મ વગેરે પરનો અવકાશ નથી, પણ સંયોગદૃષ્ટિ કરી સંસાર ઊભો કરે છે, ભૂલ કોઈએ કરાવેલ નથી. કર્મ આત્મામાં નથી, બન્ને ભિન્ન ભિન્ન

(જુઓ અનુસંધાન પેજ નં. ૨૧ ઉપર)

**પુણ્ય વ્રતે, અઘ અવ્રતે, મોક્ષ ઉભયનો નાશ;**
**અવ્રત જેમ વ્રતો તણો કરે શિવાર્થી ત્યાગ. ૮૩.** **–શ્રી સમાધિતંત્ર**

## જિજ્ઞાસુએ ધર્મ કેવી રીતે કરવો ?

# સમ્યગ્દર્શન વગર બધું કર્યું...પણ તેથી શું ?

**(આત્મ-અનુભવ પ્રગટ કરવાનો ઉપાય બતાવતું સમયસાર ગાથા ૧૪૨ ઉપરનું એક સુંદર વ્યાખ્યાન)**

કોઈ જીવ શાસ્ત્રના જ્ઞાન વડે આત્માનું જાણપણું કરે, અર્થાત્ ‘હું શુદ્ધ છું, સ્વરૂપમાં રાગ-દ્વેષ નથી, આત્મા પરદ્રવ્યથી જુદો છે ને પરનું કાંઈ કરી શકતો નથી’ એ પ્રમાણે શાસ્ત્ર વાંચીને અને શ્રવણ કરીને જાણે, પણ વિકલ્પરહિત થઈને તેવો અનુભવ પ્રગટ ન કરે, તો આચાર્યભગવાન કહે છે કે તેથી શું? એ તો પરને લક્ષે જાણપણું થયું, એવું જાણપણું તો અનંતસંસારી અજ્ઞાની જીવ પણ કરે છે. સ્વસન્મુખ પુરુષાર્થ વડે વિકલ્પનું અવલંબન તોડીને પોતે જાતે સ્વાનુભવ ન કરે ત્યાં સુધી જીવને સમ્યગ્દર્શન થાય નહિ અને સમ્યગ્દર્શન વગર કલ્યાણ થાય નહિ.

સમયસારની ૧૪૧મી ગાથામાં કહ્યું કે—‘જીવમાં કર્મ બંધાયેલું છે તથા સ્પર્શાયેલું છે એવું વ્યવહારનયનું કથન છે અને જીવમાં કર્મ અણબંધાયેલું, અણસ્પર્શાયેલું છે એવું શુદ્ધનયનું કથન છે.’ ‘ટીકા :XXX જીવમાં કર્મ બદ્ધસ્પૃષ્ટ છે એવો વ્યવહારનયનો પક્ષ છેXXXજીવમાં કર્મ અબદ્ધસ્પૃષ્ટ છે એવો નિશ્ચયનયનો પક્ષ છે.’

હવે આચાર્યદેવ કહે છે કે :—

“પણ તેથી શું? જે આત્મા તે બંને નયપક્ષોને ઓળંગી ગયો તે જ સમયસાર છે,—એમ હવે ૧૪૨મી ગાથામાં કહે છે :—

(આ ગાથા તથા તેની ટીકા સમયસારમાંથી વાંચી લેવી.)

પરદ્રવ્યોના સંયોગ-વિયોગથી આત્માને લાભ થાય—એ માન્યતાનો તો પહેલાં જ નકાર કર્યો, અને પુણ્યથી ધર્મ થાય એવી સ્થૂળ ખોટી માન્યતાનો પણ નકાર કર્યો. એ રીતે પર તરફના વિચારને અને સ્થૂળ ખોટી માન્યતાને પણ છોડીને હવે જે સ્વતરફ ઢળવા માંગે છે એવો જીવ એક આત્મામાં ‘નિશ્ચયથી શુદ્ધ અને વ્યવહારથી અશુદ્ધ’ એવા બે પડખા પાડીને તેના વિચારમાં અટક્યો છે પણ વિકલ્પથી પાર થઈને શુદ્ધ આત્માનો સાક્ષાત્ અનુભવ કરતો નથી તેને તે વિકલ્પ છોડાવીને અનુભવ કરાવવા માટે

**અવ્રતને પરિત્યાગીને વ્રતમાં રહે સુનિષ્ઠ,**
**વ્રતને પણ પછી પરિહરે લહી પરમ પદ નિજ. ૮૪. —શ્રી સમાધિતંત્ર**

આચાર્યદેવે આ (૧૪૨મી) ગાથા જણાવી છે. બીજા પદાર્થોનો વિચાર છોડીને એક આત્મામાં બે પડખાંના વિચારમાં રોકાણો, પણ આચાર્યદેવ કહે છે કે તેથી શું? જ્યાં સુધી તે વિકલ્પના અવલંબનમાં રોકાશે ત્યાં સુધી ધર્મ નથી, માટે જેવો સ્વભાવ છે તેવો જ અનુભવ કર. અનુભવ કરનારી પર્યાય પોતે દ્રવ્યમાં લીન-એકાકાર થઈ જાય છે અને તે વખતે વિકલ્પ તૂટી જાય છે. આવી દશા તે જ 'સમયસાર' છે, તે જ સમ્યગ્દર્શન છે ને તે જ સમ્યગ્જ્ઞાન છે.

પરવસ્તુમાં સુખ છે, કે પરનું કાર્ય હું કરી શકું ને મારું કાર્ય પરથી થાય—એ તો સ્થૂળ મિથ્યા માન્યતા છે, અને આત્માને અમુક વસ્તુ ખપે ને અમુક ન ખપે એવો વિકલ્પ તે પણ સ્થૂળ પરિણામ છે, તેમાં ધર્મ નથી; પરંતુ 'હું શુદ્ધ આત્મા છું ને રાગ મારું સ્વરૂપ નથી' એવા રાગમિશ્રિત વિચાર કરવા તે પણ ધર્મ નથી. એ રાગનું અવલંબન પણ છોડીને આત્મસ્વભાવનો અનુભવ કરવો તે ધર્મ છે. એક વખત વિકલ્પ તોડીને શુદ્ધસ્વભાવનો અનુભવ કર્યા પછી જે વિકલ્પ ઊઠે તે વિકલ્પોમાં સમ્યગ્દૃષ્ટિ જીવને એકત્વબુદ્ધિ હોતી નથી, તેથી તે વિકલ્પો માત્ર અસ્થિરતારૂપ દોષ છે, પરંતુ તે સમ્યગ્દર્શન કે સમ્યગ્જ્ઞાનને મિથ્યા કરતા નથી; કેમ કે વિકલ્પ વખતે પણ સમ્યગ્દૃષ્ટિને તેનો નિષેધ વર્તે છે, ને શુદ્ધસ્વભાવમાં એકત્વ વર્તે છે.

કેટલાક અજ્ઞાનીઓ એમ શંકા કરે છે કે જો જીવને સમ્યગ્દર્શન થયું હોય, ને આત્માનું ભાન થયું હોય, તો ખાવા-પીવા વગેરેનો રાગ કેમ થાય? પણ જ્ઞાની કહે છે કે સમ્યગ્દૃષ્ટિને રાગ થાય તેથી શું?—એ રાગ વખતે તેનો નિષેધ કરનાર સમ્યક્શ્રદ્ધા-જ્ઞાન વર્તે છે કે નહિ? જે રાગ થાય છે તે શ્રદ્ધા-જ્ઞાનને મિથ્યા કરતો નથી. જ્ઞાનીને ચારિત્રની કચાશથી રાગ થાય છે ત્યાં અજ્ઞાની તે રાગને જ જુએ છે, પરંતુ રાગનો નિષેધ કરનાર શ્રદ્ધા-જ્ઞાનને તે ઓળખતો નથી.

મિથ્યાદૃષ્ટિ જીવ સ્વભાવનો અનુભવ કરવા માટે એમ વિચારે છે કે 'સ્વભાવથી હું અબંધ નિર્દોષ તત્ત્વ છું ને પર્યાયદૃષ્ટિથી બંધાયેલો છું'—એ રીતે મનના અવલંબને શાસ્ત્રના લક્ષે રાગરૂપ વૃત્તિનું ઉત્થાન કરે છે, પરંતુ સ્વભાવના અવલંબને તે રાગરૂપ વૃત્તિ તોડીને અનુભવ કરતો નથી, ત્યાં સુધી તેને સમ્યગ્દર્શન થતું નથી.

કોઈ જીવ જૈનદર્શનના ઘણા શાસ્ત્રો ભણીને—વાંચીને મોટો પંડિત થયો, કે કોઈ

**અંતર્જલ્પે યુક્ત જે વિકલ્પ કેરી જાળ,**
**તે દુખમૂળ, તસ નાશથી ઇષ્ટ-પરમ-પદ લાભ. ૮૫.**　　　**–શ્રી સમાધિતંત્ર**

જીવે ઘણા વખતથી ત્યાગી થઈને શુભરાગમાં ધર્મ માની લીધો, પણ જ્ઞાનીઓ કહે છે કે તેથી શું?—એમાં ક્યાં ધર્મ છે? સમ્યગ્દર્શન વગર કોઈ રીતે ધર્મ થતો નથી. પરના અવલંબનમાં અટકીને ધર્મ માનવો એ તો મિથ્યાદ્રષ્ટિના કામ છે. રાગમાત્રનું અવલંબન છોડીને સ્વભાવના આશ્રયે નિર્ણય અને અનુભવ કરવો તે જ સમ્યગ્દ્રષ્ટિનો ધર્મ છે. અને ત્યાર પછી જ ચારિત્રદશા હોય છે. રાગનું અવલંબન તોડીને આત્મસ્વભાવનો નિર્ણય અને અનુભવ ન કરે અને દાન, દયા, શીલ, તપ વગેરે બધુંય કરે તો તેથી શું? એ તો બધો રાગ છે, તેમાં ધર્મ નથી.

આત્મા જ્ઞાનસ્વરૂપ છે, રાગસ્વરૂપ નથી. જ્ઞાનસ્વરૂપમાં વૃત્તિનું ઉત્થાન જ નથી, 'હું ત્રિકાળ અબંધ છું' એવો વિકલ્પ પણ જ્ઞાનસ્વરૂપમાં નથી. જો કે નિશ્ચયથી આત્મા ત્રિકાળ અબંધસ્વરૂપ જ છે—એ વાત તો એમ જ છે, પરંતુ જે અબંધસ્વભાવ છે તે 'હું અબંધ છું' એવા વિકલ્પની અપેક્ષા રાખતો નથી, એટલે 'અબંધ છું' એવા વિકલ્પનું અવલંબન અબંધસ્વભાવની શ્રદ્ધાને નથી. વિકલ્પ તે તો રાગ છે, વિકાર છે. તે આત્મા નથી; તે વિકલ્પના અવલંબને આત્માનો અનુભવ થતો નથી. (ક્રમશઃ)

*

(અનુસંધાન પેજ નં. ૧૮ થી ચાલુ) (અનુભવપ્રકાશ)

છે, તો સંસાર અથવા ઉદયભાવ ક્યાંથી થયો ?

સમાધાન :—સોનાની ખાણમાં સોનું ગુપ્ત છે, કર્મરૂપી દળિયામાં ચિદાનંદ ભગવાન એવો ને એવો પડ્યો છે. ધૂળ તે ધૂળ છે ને સોનું તો સોનું છે, તેમ કર્મ માટી છે ને આત્મા ચિદાનંદ અરૂપી ગુપ્ત છે. આત્મા અનાદિકાળથી કર્મમાં ગુપ્ત છે. અનાદિથી જ્ઞાનાનંદ સ્વભાવને ચૂકીને પર્યાયમાં સંસારનો ભેખ ધર્યો છે તે ઔદયિકભાવ છે, તે ભાવ સ્વતત્ત્વ છે. કર્મે તે કરાવ્યો નથી. આત્મામાં ભ્રાંતિ, વિકાર, દયા-દાનાદિના ભાવ થાય છે તે અરૂપી સ્વતત્ત્વ છે. તે જીવની પર્યાયમાં થાય છે. કર્મને લીધે તે થતા નથી, કર્મ નિમિત્તમાત્ર છે. સ્વનો વેપાર ચૂકીને પરના સંગે અશુદ્ધ વેપાર ઊભો કર્યો. અશુદ્ધ ઉપયોગમાં સંસારભાવ છે, ઝેરભાવ છે, આત્માના અમૃતથી ઊલટો ભાવ છે તે અશુદ્ધતા કેવી રીતે લાગી છે તે કહીએ છીએ. (ક્રમશઃ)


*

**અવ્રતિ-જન વ્રતને ગ્રહે, વ્રતી જ્ઞાનરત થાય;**
**પરમ-જ્ઞાનને પામીને સ્વયં 'પરમ' થઈ જાય. ૮૬** **–શ્રી સમાધિતંત્ર**

## મોક્ષનગરીમાં પ્રવેશવાનો અવસર

હે જીવ! ચાર ગતિના ચક્કરમાંથી છૂટીને મોક્ષનગરીમાં પ્રવેશવાનો અવસર આવ્યો છે.... તો અંધની જેમ તું આ અવસર ચૂકીશ માં.

અરે! અનંતકાળના પરિભ્રમણમાં રખડતા જીવે ચાર ગતિમાં અવતાર કરી કરીને મહા દુઃખો ભોગવ્યા; એમાં ક્યારેક માંડ-માંડ મનુષ્ય થયો, ને ૮૪ના ચક્કરમાંથી બહાર નીકળવાનો અવસર હાથમાં આવ્યો; અત્યારે બેદરકાર થઈને બીજે કાળ ગુમાવીશ તો હે ભાઈ! આંધળાની જેમ તું અવસર ચૂકી જઈશ.



એક અંધ મનુષ્યને શિવનગરીમાં પ્રવેશવાનું હતું, નગરીના ગઢને એક જ દરવાજો હતો. કોઈ દયાળુએ તેને માર્ગ દેખાડ્યો કે આ ગઢની રાંગે હાથ લગાવીને ચાલ્યા જાઓ, ફરતાં ફરતાં દરવાજો આવે એટલે અંદર પેસી જજો. વચ્ચે ક્યાંય પ્રમાદમાં અટકશો નહિ. એ પ્રમાણે ગઢને હાથ લગાડીને તે અંધ મનુષ્ય ફરવા લાગ્યો, પણ વચ્ચેવચ્ચે પ્રમાદી થઈને ઘડીકમાં પાણી પીવા રોકાય; ઘડીકમાં શરીર ખંજવાળવા રોકાય, એમ કરતાં કરતાં જ્યાં દરવાજો આવવાની તૈયારી થઈ કે બરાબર તે જ વખતે ભાઈસાહેબ માથું ખંજવાળતા–ખંજવાળતા આગળ ચાલ્યા ગયા, ને દરવાજો તો પાછળ રહી ગયો. આમ શિવનગરીમાં પ્રવેશવાનો અવસર ચૂકીને તે પાછો ચકરાવામાં પડ્યો.

તેમ આ ચોરાસીના ચકરાવામાં માંડ મનુષ્ય-અવતાર મળ્યો, મોક્ષનગરીમાં પ્રવેશવાનો અવસર આવ્યો ને મોક્ષનો દરવાજો દેખાડનારા સંત મળ્યા; તેમણે કરુણા કરીને માર્ગ દેખાડ્યો કે અંદરના ચૈતન્યમય આત્માને સ્પર્શીને ચાલ્યો જા...એટલે મોક્ષનગરીમાં પ્રવેશવાનો 'રત્નત્રય દરવાજો' આવશે. હવે એને બદલે, અંધમનુષ્યની જેમ જે અજ્ઞાની જીવ રાગમાં ને દેહની ક્રિયામાં

ધર્મ માનીને તેની સંભાળમાં (-દેહબુદ્ધિમાં) રોકાય છે, ને ચૈતન્યને ઓળખવાની દરકાર કરતો નથી, તે મોક્ષનગરીમાં પ્રવેશવાનો આ અવસર ચૂકી જશે ને પાછો ચોરાસીના ચક્કરમાં પડીને ચારગતિમાં રખડશે. માટે હે જીવ ! તે અંધની જેમ તું આ અવસર ચૂકીશ મા. દેહની કે માન-મોટાઈની દરકાર છોડીને આત્માના હિતની સંભાળ કરજે, અનંતવાર ગાજર-મૂળામાં મફતના ભાવે વેચાણો ત્યાં કોનાં માન કરવાં ? એકેન્દ્રિયના અવતારમાં ગાજર કે મૂળામાં અવતર્યો હોય, ને બજારમાં શાકવાળાને ત્યાં તે ગાજર-મૂળાના ઢગલામાં પડ્યો હોય. શાક લેનારની સાથેનો નાનો છોકરો શાક સાથે ગાજર કે મૂળો મફત માગે, ને શાકવાળો તે આપે; ત્યારે તેમાં વનસ્પતિકાયપણે જીવ બેઠો હોય, તે પણ મૂળાની સાથે મફતમાં જાય.—એ રીતે મફતના ભાવે અનંતવાર વેચાયો અને અત્યારે મનુષ્ય થઈને તું મફતનો માન-અપમાનમાં જીવન કેમ ગુમાવે છે ! ભાઈ, અલ્પકાળનો આ મનુષ્ય અવતાર, તેમાં આત્મહિત માટે શું કરવાનું છે તેની દરકાર કર.

જેમ મનુષ્યોને ચિંતામણિ ક્યારેક મહા પુણ્યે મળે છે, વારંવાર નથી મળતા, તેમ સંસારમાં જીવોને એકેન્દ્રિયમાંથી પંચેન્દ્રિયપણાની તો શી વાત, પણ બેઈન્દ્રિયપણું મળવું તે પણ ચિન્તામણિ પામવા જેવું દુર્લભ છે. ક્યારેક વિશુદ્ધ પરિણામના બળથી જીવ એકેન્દ્રિયમાંથી નીકળીને ત્રસમાં આવે છે. અરે, ઈયળ અને કીડી થવું પણ જ્યાં દુર્લભ ત્યાં મનુષ્યપણાની દુર્લભતાની તો શી વાત ? ભાઈ ! તું તો મનુષ્યપણા સુધી આવ્યો છે, તો ભવભીરું થઈને હવે એવો ઉપાય કર કે આત્મા ચારગતિના દુ:ખથી છૂટે.

(અનુસંધાન પેજ નં. ૬ થી ચાલુ)

જ્ઞાનની પર્યાય ખંડખંડરૂપ થતી હતી કારણ કે તેનું વલણ બહિર્મુખ હતું. જ્યારે જ્ઞાનની પર્યાય અંતર્મુખ વળીને અખંડ જ્ઞાયકમાં એકત્વ કરે છે અર્થાત્ જ્ઞાનની પર્યાય અંતર્મુખ થઈને અખંડ જ્ઞાયકને લક્ષમાં લે છે ત્યારે એક અખંડ ચૈતન્યશક્તિ પ્રતીતિમાં આવે છે. અખંડ ચૈતન્યશક્તિની પ્રતીતિ દ્વારા ભાવેન્દ્રિયોને સર્વથા પોતાથી ભિન્ન જાણવી-અનુભવવી તે જ ભાવેન્દ્રિયનું જીતવું છે, તે જ જિતેન્દ્રિયતા છે ને તે જ સમ્યગ્દર્શન છે.

એક એક વિષયને જાણતું જ્ઞાન તે અખંડને જણાવતું નથી પણ જ્ઞાનને ખંડખંડરૂપ જણાવે છે. અખંડ જ્ઞાયકતત્ત્વ ખંડખંડ જ્ઞાનથી સર્વથા ભિન્ન છે. એવી જે અખંડ જ્ઞાયકના આશ્રયપૂર્વકની શ્રદ્ધા તે સમ્યગ્દર્શન છે. (ક્રમશઃ) ❊



# યુવા વિભાગ

(આ વિભાગ અંતર્ગત મુમુક્ષુઓની પૂજ્ય ગુરુદેવશ્રીની સાથે રાત્રિ સમયે થયેલી તત્ત્વચર્ચા આપવામાં આવી છે.)

પ્રશ્ન :—તો સમ્યગ્દષ્ટિ લડવા શું કામ જાય છે?

ઉત્તર :—સમ્યગ્દષ્ટિ લડાઈના પ્રસંગને અને તે સંબંધીના દ્વેષના અંશને પરજ્ઞેય તરીકે જાણે છે પણ તેના કર્તા નથી તેથી તેઓ નિર્ભય છે.

પ્રશ્ન :—સમ્યગ્દષ્ટિને ભોગ ભોગવવા છતાં કર્મ બંધ કેમ થતો નથી?

ઉત્તર :—સમ્યગ્દષ્ટિને શાતા-અશાતારૂપ વિષય સામગ્રી છે તે બધી અનિષ્ટરૂપ લાગે છે. જેમ કોઈને અશુભકર્મના ઉદયે રોગ-શોક દરિદ્રતા આદિ હોય છે તેને છોડવાને ઘણું કરે છે. તોપણ અશુભ કર્મના ઉદયથી છૂટતા નથી, ભોગવવા જ પડે છે તેમ સમ્યગ્દષ્ટિએ પૂર્વે શાતા-અશાતારૂપ કર્મ બાંધ્યું છે તેના ઉદયે અનેક પ્રકારની વિષય સામગ્રી હોય છે તેને સમ્યગ્દષ્ટિ દુઃખરૂપ અનુભવે છે, તેને છોડવાને ઘણું કરે છે તોપણ જ્યાં સુધી ક્ષપકશ્રેણી ચડે નહિ ત્યાં સુધી છૂટવું અશક્ય હોવાથી પરવશ થઈને ભોગવે છે પણ અંદરમાં અત્યંત વિરક્તિ હોય છે, તેથી ભોગ સામગ્રી ભોગવવા છતાં તેને કર્મ બંધ થતો નથી.

પ્રશ્ન :—જ્ઞાનીના ભોગને પણ નિર્જરાનું કારણ બતાવવાનું શું પ્રયોજન છે?

ઉત્તર :—ત્યાં પણ વીતરાગી દૃષ્ટિ કરાવવાનું જ એક પ્રયોજન છે, પરંતુ ભોગના રાગને પોષવાનું પ્રયોજન નથી. ભોગ વખતે પણ જ્ઞાનીની વીતરાગી દૃષ્ટિ કેવી અબંધ હોય છે, તે વખતે પણ સ્વભાવની શ્રદ્ધા કેવી હોય છે—એ ઓળખાવવાનું પ્રયોજન છે.

પ્રશ્ન :—ભગવાન તો પરદ્રવ્ય છે, સમકિતી વળી પરની સ્તુતિ કરે?

ઉત્તર :—ભાઈ, તેં હજી વીતરાગ પરમાત્માના ગુણનો મહિમા જાણ્યો નથી એટલે તને આવો પ્રશ્ન ઊઠે છે. સર્વજ્ઞ પરમાત્મા પ્રત્યે સ્તુતિનો જેવો ભાવ જ્ઞાનીને ઉલ્લસે છે તેવો અજ્ઞાનીને નહિ ઉલ્લસે. ભલે ભગવાન છે તો પરદ્રવ્ય, પણ પોતાનું ઈષ્ટ—સાધ્ય એવી જે વીતરાગતા ને સર્વજ્ઞતા જ્યાં ભગવાનમાં દેખે છે ત્યાં તે ગુણ પ્રત્યેના બહુમાનથી ધર્મીનું હૃદય ઉલ્લસી જાય છે. વીતરાગતાનો જેને પ્રેમ છે તે વીતરાગ સર્વજ્ઞ પરમાત્માને દેખતાં

**તનને આશ્રિત લિંગ છે, તન જીવનો સંસાર;**
**તેથી લિંગાગ્રહી તણો છૂટે નહિ સંસાર. ૮૭.**　　**–શ્રી સમાધિતંત્ર**

ભક્તિ કરે છે. ભક્તિ વખતે ભલે શુભરાગ છે પણ તેમાં બહુમાન તો વીતરાગસ્વભાવનું જ ઘૂંટાય છે, ને એનું જ નામ વીતરાગની ભક્તિ છે.

પ્રશ્ન :—સમ્યગ્દષ્ટિ પરદ્રવ્યથી ભિન્ન અને રાગને દુઃખરૂપ જાણે છે છતાં તેને લગ્ન, વેપાર, લડાઈ આદિનો તીવ્ર રાગ કેમ થાય છે?

ઉત્તર :—સમ્યગ્દર્શન હોવા છતાં હજું અસ્થિરતાનો રાગ છે. પરદ્રવ્યની ક્રિયા તો પરદ્રવ્યના કારણે થાય છે, રાગ અશુભ આવે છે પણ તીવ્ર અનંતાનુબંધીનો રાગ ન થાય, અંદર શુભાશુભ રાગથી વિરક્ત છે.

પ્રશ્ન :—સમ્યગ્દષ્ટિને અશુભ રાગમાં આયુષ્ય બંધાય?

ઉત્તર :—સમ્યગ્દષ્ટિને અશુભ રાગ આવે છે પણ અશુભરાગ કાળે આયુષ્ય બંધ ન થાય, કેમ કે સમ્યગ્દષ્ટિને વૈમાનિક દેવમાં જવાનું છે તેથી શુભરાગમાં જ આયુષ્ય બંધાય.

પ્રશ્ન :—ભરતજીએ બાહુબલીજી ઉપર ક્રોધથી ચક્ર છોડ્યું એ વખતે શું તેમને અંદરમાં ઉત્તમ ક્ષમા હતી?

ઉત્તર :—ભરતે બાહુબલી ઉપર ક્રોધથી ચક્ર છોડ્યું હતું છતાં એ વખતે પણ ભરતને અંદરમાં ઉત્તમ ક્ષમા હતી કેમકે અનંતાનુબંધને કરનાર મિથ્યાત્વનો અભાવ છે અને બાહ્યથી દ્રવ્યલિંગધારી મુનિ હોય અને કોઈ વેરી આવીને શરીરના ખંડખંડ કટકા કરે છતાં બાહ્યથી ક્રોધ ન કરે, તેને અંદરમાં અનંતાનુબંધને કરનાર મિથ્યાત્વનો સદ્ભાવ હોવાથી બાહ્યમાં ક્ષમા રાખતો હોવા છતાં અંદરમાં ઉત્તમ ક્ષમા કહેવાતી નથી.

પ્રશ્ન :—સમ્યગ્દષ્ટિ જીવ સ્ત્રીને અને માતાને પણ શું સમાન ગણે છે?

ઉત્તર :—અહીં સ્વભાવદૃષ્ટિની વાત છે, ને સ્વભાવદૃષ્ટિમાં બધાય જીવો સમાન છે. સ્ત્રીનો જીવ તે સ્ત્રી પર્યાય જેટલો નથી પણ પૂર્ણ ચૈતન્ય ભગવાન છે, ને માતાનો જીવ પણ વર્તમાન પર્યાય જેટલો નથી પણ પૂર્ણ ચૈતન્ય ભગવાન છે. એકરૂપ સ્વભાવદૃષ્ટિમાં કોઈ માતા કે સ્ત્રી છે જ નહિ, સિદ્ધ કે નિગોદ, એકાવતારી કે અનંત સંસારી, સ્ત્રી કે માતા એ બધાય જીવો પરિપૂર્ણ ચૈતન્ય સ્વરૂપ એક સરખાં છે. આવી સ્વભાવદૃષ્ટિમાં અનંતો વીતરાગભાવ આવી જાય છે.

**તનને આશ્રિત જાતિ છે, તન જીવનો સંસાર;**
**તેથી જાત્યાગ્રહી તણો છૂટે નહિ સંસાર. ૮૮.** **–શ્રી સમાધિતંત્ર**



# પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ગુરુભક્તિપૂર્ણ આધ્યાત્મિક તત્ત્વચર્ચા

પ્રશ્ન :—એવો અમે શું પુરુષાર્થ કરીએ કે હવે પછીના કાળમાં અમને ગુરુદેવનો અને આપના સાન્નિધ્યનો યોગ પ્રાપ્ત થાય?

સમાધાન :—અંતરમાં એક આત્મા જ સર્વસ્વ છે, બીજું બધું નિઃસાર છે. હું આત્મા શાશ્વત છું, આ કોઈ પરદ્રવ્ય મારું નથી એ રીતે પરદ્રવ્ય પ્રત્યેનો મોહ તોડી નાંખે. જીવ નકામો મારું મારું કરે છે, આ શરીર પોતાનું નથી, બહારના ઘર—કુટુંબ તે કોઈ પોતાનાં નથી, બહારની વસ્તુઓ—પૈસા આદિ કોઈ વસ્તુ પોતાની નથી. બધું સાચવી-સાચવીને રાખતો હોય પણ એક ક્ષણમાં પોતે ચાલ્યો જાય છે અને તે બધું અહીં પડ્યું રહે છે. માટે બીજી કોઈ વસ્તુ સારભૂત નથી. તે બધા ઉપરથી મમતા છોડી એક ચૈતન્યની રુચિ, મહિમા વધારવી. આમ, આત્મામાં જે સંસ્કાર નાંખ્યા હોય તે સાથે આવે છે અને તેની સાથે શુભભાવ હોય તેનાથી પુણ્ય બંધાય છે કે જેના કારણે સારા યોગ મળે—એટલે કે ગુરુદેવ મળે, જિનેન્દ્રદેવ મળે.

પ્રશ્ન :—અનુભવ થયા પહેલાં મુમુક્ષુ સાચા જ્ઞાન અને વૈરાગ્ય કરી શકે?

સમાધાન :—પહેલાં જ્ઞાન—વૈરાગ્ય કરી શકે, પણ વાસ્તવિક યથાર્થપણું તેને સમ્યગ્જ્ઞાન થાય ત્યારે કહી શકાય. પરંતુ તે યથાર્થપણાની ભૂમિકા મુમુક્ષુપણામાં થઈ શકે છે. યથાર્થપણું પ્રગટ થાય તેના પહેલાં યથાર્થપણાની ભૂમિકા થવાથી યથાર્થપણાના માર્ગે જઈ શકે છે. સમ્યગ્દર્શનમાં જેવી ઊંડી પ્રતીતિ અને યથાર્થ આત્માનો આશ્રય ગ્રહણ કર્યો એવું હજુ નથી, તો પણ તે યથાર્થ માર્ગે જઈ શકે છે, માર્ગાનુસારી થઈ શકે છે. આ શુભાશુભભાવ મારું સ્વરૂપ નથી, મારું સ્વરૂપ એક ચૈતન્યતત્ત્વ છે કે જે કોઈ અપૂર્વ અદ્‌ભુત મહિમાવંત છે તેની મહિમા આવે—તથા શુભાશુભભાવ બંને આકુળતામય છે, દુઃખમય છે, એવા પ્રકારના વિચારો કરીને જ્ઞાન-વૈરાગ્ય યથાર્થ કરી શકે છે, જેની પાછળ અવશ્ય તેને સમ્યગ્દર્શન થાય તેવી ભૂમિકા તે પ્રાપ્ત કરી શકે છે.

પાણી છે ત્યાં પહોંચ્યો નથી તો પણ, પાણીનાં અમુક લક્ષણો ઉપરથી પાણી નજીક છે તેમ નક્કી કરે છે તેમ આ જીવ જ્ઞાયક સ્વભાવ—જાણનાર તત્ત્વ—કોઈ જુદું અદ્‌ભુત તત્ત્વ છે તેના અનુભવ સુધી હજી પહોંચી શક્યો નથી તો પણ અમુક પ્રકારે નિર્ણય કરી શકે છે. તેને લગતું જ્ઞાન-વૈરાગ્ય-વિરક્તિ તે ભૂમિકામાં પણ સાચા માર્ગે

દોરી શકે છે. અંતરમાંથી અપૂર્વ રુચિ થાય, અપૂર્વ દેશનાલબ્ધિ થાય કે માર્ગ તો આ જ છે. શુભાશુભભાવથી જુદો એક આત્મા તે કોઈ જુદું તત્ત્વ છે અને તે જ સર્વસ્વ છે, બહાર ક્યાંય સર્વસ્વપણું નથી, એક આત્મા સિવાય ક્યાંય બહારમાં વિશેષતા લાગે નહીં. જગતની કોઈ વસ્તુ અલૌકિક લાગે નહિ અને એક આત્મા જ અલૌકિક તત્ત્વ છે એવી જાતની અપૂર્વ રુચિ કરી સાચા માર્ગે જઈ શકે છે.

પ્રશ્ન :—ભેદજ્ઞાનમાં શું સિદ્ધ થાય છે અને તેનું સ્વરૂપ શું છે?

સમાધાન :—ભેદજ્ઞાનમાં બીજું દ્રવ્ય સાબિત થાય છે, વિભાવ સાબિત થાય છે અને હું વિભાવથી જુદો છું તેમ સાબિત થાય છે. બે દ્રવ્યોની તેમાં સાબિતી થાય છે. અદ્વૈતવાદી કહે છે કે બીજું દ્રવ્ય છે જ નહિ, તે અદ્વૈત માનનારાઓનો આમાં નિષેધ થાય છે. ક્ષણે ક્ષણે બીજું-બીજું દ્રવ્ય ઉત્પન્ન થાય છે તેમ માનનારા ક્ષણિકવાદીનો પણ આમાં નિષેધ થાય છે. ભેદજ્ઞાનમાં આખો મુક્તિનો માર્ગ સમાઈ જાય છે. જ્ઞાયકનું અસ્તિત્વ ગ્રહણ થયું તેમાં જ્ઞાયકની જ્ઞાયકરૂપે પરિણતિ આવી ગઈ, અકર્તાપણું—સાક્ષીપણું આવી ગયું. સાધના કરવાનો મૂળ ઉપાય ભેદજ્ઞાન છે, જે ક્ષણે ક્ષણે ધારાપ્રવાહરૂપ હોય છે. મારું અસ્તિત્વ મારારૂપે છે અને પરરૂપે નથી તે ભેદજ્ઞાનનું કાર્ય છે. હું મારા જ્ઞાયકના અસ્તિત્વરૂપે છું અને પરરૂપે નથી તે કાર્ય કરવાનું રહે છે.

પ્રશ્ન :—બહારના અમુક સંયોગો છોડી અહીં આવ્યા, અહીં આવીને પણ શાસ્ત્રમાંથી વિચાર-વાંચન વગેરે બધું થાય છે છતાં સમ્યગ્દર્શન હજુ કેમ થતું નથી?

સમાધાન :—પોતે જ અટકે છે. જેટલી રુચિની તીવ્રતા જોઈએ તેટલી નથી. અંતરથી પાછો વળતો નથી, પોતાને ગ્રહણ કરતો નથી, એટલી વિરક્તિ આવતી નથી, મહિમા આવતી નથી, માટે તેમાં કચાશ રહે છે,—મંદતા રહે છે. જેમ કોઈએ જાગૃત થવાનો નિર્ણય કર્યો હોય પણ પ્રમાદને લઈને જાગતો નથી અને જાગવું છે, ઊઠવું છે, એમ કર્યા કરે છે; તેમ પોતે પ્રમાદને લઈને જેટલું જોઈએ તેટલું જ્ઞાન, તેટલી વિરક્તિ નથી કરતો. જેટલું કારણ આપવું જોઈએ તેટલું કારણ આપતો નથી, માટે થતું નથી. પોતાની આળસને કારણે થતું નથી. તાલાવેલી લાગવી જોઈએ. પોતે ક્યાં અટકે છે તેને અંતરમાંથી ઓળખી લે તો તે ત્યાં પોતે અટકી જ ન શકે અને પોતે અંતરમાં ચાલ્યો જાય.

મૂળ તેની દૃષ્ટિ જ્ઞાયકમાં થંભતી નથી, વિભાવથી છૂટતો નથી. કારણ પોતાનું જ છે. જ્ઞાયકનો આશ્રય પ્રબળપણે લઈને વિભાવનો આશ્રય છોડી દે તો નિરાલંબન થઈ જાય. પોતાના આશ્રયનું જોર થાય તો બધું છૂટી જાય છે. પોતે છોડે તો છૂટી જાય છે, પોતે જ છોડતો નથી. પોતાનું કારણ છે. દ્રવ્યદૃષ્ટિથી તો પોતે વિભાવમાં ગયો જ નથી, તેને ગ્રહણ કર્યો નથી. પણ પર્યાય અપેક્ષાએ બધે અટકેલો છે.

## બાળ વિભાગ

# ભગવાન દેશભૂષણ અને કુલભૂષણ

## દેશભૂષણ-કુલભૂષણના પૂર્વભવો

**(૧)**

તે દેશભૂષણ અને કુલભૂષણ પૂર્વે એક ભવમાં ઉદિત અને મુદિત નામના સગા ભાઈ હતા. માતાનું નામ ઉપભોગા. તે દુરાચારિણી હતી, ને વસુ નામના દુષ્ટ પુરુષ સાથે તે પ્રેમમાં હતી. મોહવશ તે દુષ્ટ વસુએ તેના પતિને મારી નાંખ્યો. તથા વિષયાંધ માતા ઉપભોગાએ પોતાના બંને પુત્રોને મારી નાંખવા માટે વસુને કહ્યું કે આ બંને પુત્રો આપણા દુષ્કર્મને જાણી ન જાય માટે તેમને મારી નાખો. અરેરે, વિષયાંધ સંસારી પ્રાણી! વિષયાંધ થઈને માતા પોતાના સગા પુત્રોને મારી નાંખવા તૈયાર થઈ!—પણ તેની આ ખાનગી વાત તેની પુત્રી સાંભળી ગઈ, ને તેણે પોતાના ભાઈ ઉદિત-મુદિતને તે વાત જણાવીને સાવધાન કરી દીધા. આથી ક્રોધે ભરાઈને તે બંને ભાઈઓએ વસુને મારી નાખ્યો. તે મરીને ક્રૂર ભીલ થયો.

પછી તે ઉદિત-મુદિત બંને ભાઈઓ એક મુનિરાજના ઉપદેશથી વૈરાગ્ય પામીને મુનિ થયા. તેઓ સમ્મેદશિખરની યાત્રા કરવા જતાં માર્ગ ભૂલીને ઘોર અટવીમાં આવ્યા. ત્યાં પૂર્વભવના વેરી ક્રૂર ભીલે તેમને જોયા, ને તેમને મારવા તૈયાર થયો.

આ ઉપસર્ગનો પ્રસંગ જોઈને મોટા ઉદિત મુનિએ નાના મુદિત મુનિને કહ્યું : 'હે ભ્રાત! મરણના ઉપસર્ગનો પ્રસંગ આવ્યો છે. પણ તું ભય ન કરતો... ક્ષમામાં સ્થિર રહેજે. પૂર્વે આપણે જેને માર્યો હતો તે દુષ્ટ વસુનો જીવ ભીલ થઈને અત્યારે આપણને મારવા આવ્યો છે.... પણ આપણે તો મુનિ છીએ, આપણને શત્રુ-મિત્ર કેવા! માટે તું આત્માની વીતરાગભાવનામાં દૃઢ રહેજે!'

ત્યારે જવાબમાં મુદિત-મુનિ કહે છે : અહો ભ્રાત! આપણે મોક્ષના ઉપાસક, દેહથી ભિન્ન આત્માને અનુભવનારા, આપણને શેનો ભય?

છેદાવ વા ભેદાવ, કો લઈ જાવ નષ્ટ બનો ભલે,
વા અન્ય કો રીત જાવ પણ પરિગ્રહ નથી મારો ખરે!

દેહાદિ મારાં છે જ નહીં, હું તો અતીન્દ્રિય ચૈતન્ય છું, મારી અતીન્દ્રિય શાંતિને હણનાર કોઈ છે નહિ. એમ કહીને તે મુનિ પોતાની આત્મશાંતિમાં એકાગ્ર થયા.

—આમ પરમ ધૈર્યપૂર્વક બંને મુનિઓ દેહનું મમત્વ છોડી, પરમ વૈરાગ્યથી

આત્મભાવના ભાવવા લાગ્યા. ને ભીલે તેમને મારવા શસ્ત્ર ઊગામ્યું–બરાબર એ જ વખતે વનનો રાજા ત્યાં આવી પહોંચ્યો, ને તેણે ભીલને ત્યાંથી ભગાડીને બંને મુનિવરોની રક્ષા કરી. (તે વનનો રાજા પૂર્વભવમાં એક પંખી હતો, ત્યારે શિકારીની જાળમાંથી આ બંને ભાઈઓએ તેને બચાવેલ, તે ઉપકારના સંસ્કારને લીધે અત્યારે તેને સદ્‌બુદ્ધિ ઊપજી, ને તેણે મુનિઓનો ઉપસર્ગ દૂર કરી રક્ષા કરી.)

ઉપસર્ગ દૂર થતાં બંને મુનિવરોએ સમ્મેદશિખરની યાત્રા કરી, ને પછી રત્નત્રયની આરાધનાપૂર્વક સમાધિમરણ કરીને સ્વર્ગમાં ગયા. દુષ્ટ ભીલનો જીવ દુર્ગતિમાં ગયો, ને દુઃખી થયો ત્યારબાદ કુતપ કરીને તે જ્યોતિષી દેવ થયો.

**(૨)**

હવે તે ઉદિત અને મુદિત (દેશભૂષણ અને કુલભૂષણ) બંને ભાઈઓના જીવો સ્વર્ગમાંથી નીકળીને એક રાજાને ત્યાં રત્નરથ અને વિચિત્રરથ નામના કુમારો થયા. અને ભીલનો જીવ પણ જ્યોતિષીદેવમાંથી નીકળીને આ બંનેનો ભાઈ થયો. જુઓ તો ખરા, કર્મની વિચિત્રતા! પૂર્વનો વેરી અત્યારે ભાઈ થયો! કોને કહેવો વેરી ને કોને કહેવો ભાઈ! અત્યારે પણ પૂર્વના વેરસંસ્કારથી તે આ બંને ભાઈઓ પ્રત્યે વેર રાખવા લાગ્યો. આથી બંને ભાઈઓએ તેના દેશમાંથી કાઢી મૂક્યો તે દંભી–તાપસ થઈને વિષયાંધપણે મર્યો ને અનેક ભવમાં રખડતો રખડતો પાછો જ્યોતિષી દેવ થયો. તેનું નામ અગ્નિપ્રભ.

આ બાજુ રત્નરથ અને વિચિત્રરથ એ બંને ભાઈઓ વૈરાગ્ય પામી રાજપાટ છોડી મુનિ થયા.... ને સમાધિમરણ કરી સ્વર્ગમાં ગયા.

**(૩)**

ત્યાંથી નીકળીને તે બંને જીવો સિદ્ધાર્થ નગરીના રાજાને ત્યાં દેશભૂષણ ને કુલભૂષણ તરીકે અવતર્યા : પોતાની બહેનને દેખીને, અજાણપણે બંને તેના પર મોહિત થયા, અને તેને પરણવા માટે એકબીજા સાથે લડવા ને એકબીજાને મારવા પણ તૈયાર થયા. પણ જ્યાં ખબર પડી કે અરે, જેને માટે આપણે લડીએ છીએ તે તો આપણી બહેન છે!–તે ખબર પડતાં જ બંને એવા શરમાઈ ગયા કે નગર છોડી વનમાં ચાલ્યા ગયા ને જિનદીક્ષા લઈને મુનિ થયા.

પછી જ્યારે તેઓ આત્મધ્યાનમાં હતા ત્યારે પૂર્વનો વેરી અગ્નિપ્રભ દેવ તેમને ઉપસર્ગ કરતો હતો. રામ લક્ષ્મણે તેને ભગાડીને ઉપસર્ગ દૂર કર્યો ને બંને મુનિઓને કેવળજ્ઞાન થયું. તે બંને કેવળી ભગવંતો વિહાર કરતાં કરતાં અયોધ્યા નગરીમાં પધાર્યા ને ભરતને તથા હાથીના જીવને પ્રતિબોધ્યા.... પછી કુંથલગિરિથી મોક્ષ પધાર્યા.

તે ભગવંતોને નમસ્કાર હો.

## સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થ સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમય પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમના પરમ અનન્ય ભક્ત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય પ્રતાપે, આશીર્વાદથી દેવ-ગુરુ-શાસ્ત્રની ધર્મની આરાધનામય રહે છે. તથા પં.રત્નશ્રી હિંમતભાઈ જે. શાહે બનાવેલા સુમધુર કાવ્યોથી વાતાવરણ ભક્તિમય રહે છે :—

| | | |
|---|---|---|
| પ્રાત : ૬-૧૫ થી ૬-૩૫ | : | પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઑડિયો-ટેપ |
| પ્રાત : ૮-૦૦ થી | : | શ્રી જિનેન્દ્ર પૂજા |
| સવારે ૮-૪૫ થી ૯-૪૫ | : | શ્રી સમયસાર ઉપર (૧૭મી વારના) પૂજ્ય ગુરુદેવશ્રીનું CD પ્રવચન |
| બપોરે ૩-૦૦ થી ૪-૦૦ | : | શ્રી પ્રવચનસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD પ્રવચન |
| બપોરે ૪-૦૦ થી ૪-૩૦ | : | શ્રી જિનેન્દ્ર ભક્તિ |
| રાત્રે ૭-૩૦ થી ૮-૩૦ | : | પરમાત્મપ્રકાશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD પ્રવચન |

## વૈરાગ્ય સમાચાર :–

શ્રી વાધર પરિવારના મુરબ્બી વડીલ શ્રી ત્રંબકભાઈના લઘુબંધુ આ. શ્રી રમણીકભાઈ વાધર (ઉ.વ. ૮૨)નું દેહપરિવર્તન તા. ૩૧-૮-૨૦૧૮ના રોજ થયેલ છે. જેઓ દુબઈમાં છેલ્લા ૧૭-૧૮ વર્ષથી રહેતા હતા. પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રી ઉપદેશ સમર્પિત મુમુક્ષુઓ સાથે વીકમાં ત્રણ દિવસ સમયસાર આદિ ગ્રંથોનું વાંચન કરતા હતા.

જામનગરનિવાસી (હાલ બોરીવલી-મુંબઈ) શ્રી ચુનીલાલ અમરશી મહેતા (ઉ.વ. ૧૦૧) (—તેઓ શ્રી મગનલાલ સુંદરજી મહેતાના જમાઈ તથા શ્રી જિતેન્દ્ર વ્રજલાલ શાહના સસરાનું) દેહ પરિવર્તન તા. ૨૨-૧૧-૨૦૧૮ના રોજ શાંત પરિણામપૂર્વક થયેલ છે. તેઓ ઘણા ધર્મપ્રેમી હતા. અને નિત્ય સ્તવનોનો પાઠ કરતા હતા.

સ્વર્ગસ્થ આત્માઓ પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના શરણમાં પ્રાપ્ત કરેલાં આત્મસંસ્કારો વૃદ્ધિ પામીને દેવ-ગુરુ-ધર્મના શરણમાં તેઓ શીઘ્ર આત્મોન્નતિ પામો એ જ ભાવના.

ખરે ટાણે સમાધાન રાખવા જેવું છે, કયે ક્ષણે દેહ છૂટશે!—એનો ભરોંસો કરવા જેવો નથી. દેહ ક્ષણભંગુર છે, નાશવાન છે. ચામડાંથી વીંટેલો હાડકાનો માળો ક્ષણમાં રાખ થઈને ઊડી જશે. અરે! આખું ઘર એકસાથે નાશ થઈ જાય છે તેવા દાખલા સાંભળ્યા છે. એ ક્યાં અવિનાશી ચીજ છે! સહજાત્મસ્વરૂપ આત્મા એ જ અવિનાશી છે, જગત આખું અનાદિથી અશરણરૂપ છે, ભગવાન આત્મા એ જ શરણરૂપ છે.

—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

## (૬૬)

# પ્રૌઢ વ્યક્તિઓ માટેના પ્રશ્ન

(નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો.)

(૧) મહાવીર ભગવાનના જન્મનું નામ શું છે ? ................

(૨) પંચેન્દ્રિય તિર્યંચના કેટલા ભેદ છે ? ................

(૩) યોદ્ધાઓએ યુદ્ધ કર્યું હોવા છતાં રાજાએ યુદ્ધ કર્યું તેમ ઉપચારથી કહેવાય છે તેમ જીવે જ્ઞાનાવરણ આદિ કર્મ કર્યું એ ક્યા નયનું કથન છે ? ...............

(૪) કુંદકુંદ આચાર્યદેવનાં પાંચ પરમાગમમાં જ્ઞાન-જ્ઞેયની મુખ્યતાથી કથન ક્યા શાસ્ત્રમાં કરવામાં આવેલ છે ? ...............

(૫) અમૃતચંદ્ર આચાર્યદેવે સમયસારમાં કહ્યું છે તે આધારે શુભાશુભ કર્મોનો નિષેધ કરતા નિષ્કર્મ અવસ્થા પ્રવર્તે ત્યારે મુનિને કોનું શરણ છે ? ..............

(૬) સમયસારમાં વર્ણથી માંડી ગુણસ્થાન સુધીના બધા જ ભાવો ક્યા દ્રવ્યના કહેલ છે ? ..............

(૭) સ્વરૂપ વિશ્રાંત નિસ્તરંગ ચૈતન્યનું પ્રતપન તેને શું કહે છે ? ..............

(૮) પૂજ્ય ગુરુદેવશ્રીએ ચારેય અનુયોગમાં ક્યા અનુયોગ ઉપર વિશેષ પ્રવચનો આપેલ છે. ..............

(૯) પૂજ્ય ગુરુદેવશ્રીએ 'ભગવતી સ્વરૂપ' એવું વિશેષણ કોના માટે આપેલ છે ? ..............

(૧૦) નિયમસાર શાસ્ત્રની ટીકાનું નામ શું છે ? ..............

(૧૧) બાર ભાવનામાં, જીવ સુખ-દુઃખમાં, જન્મ-મરણમાં, સંસાર-મોક્ષમાં બધે જ એકલો છે તે ક્યા પ્રકારની ભાવના છે ? ..............

(૧૨) મોહનો સર્વથા અભાવ ક્યા ગુણસ્થાને થાય છે ? ...............

(૧૩) ચાર પ્રકારના દાનમાં શ્રીષેણ રાજા ક્યા પ્રકારના દાનમાં પ્રસિદ્ધ છે ? ...............

(૧૪) ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય એ કોનું લક્ષણ છે ? ...............

(૧૫) પાંચ પ્રકારની સમિતિમાં ૪૬ દોષ, ૩૨ અંતરાય રહિત વિધિપૂર્વક આહાર લેવો તે ક્યા પ્રકારની સમિતિ છે ?

(૧૬) જ્ઞાનના ત્રણ દોષમાં "કાંઈક છે" એવું નિર્ધાર રહિત જ્ઞાન તેને શું કહે છે ? ................

(૧૭) ૪ થી ૧૪ ગુણસ્થાનમાં ક્યું સમ્યક્ત્વ હોય શકે છે ? ................

(૧૮) સકલ પ્રત્યક્ષ ક્યું જ્ઞાન છે ? ................

(૧૯) ઔદયિક આદિ જીવનાં પાંચ અસાધારણ ભાવોમાં ક્યો ભાવ આશ્રય કરવા યોગ્ય છે ? ..............

(૨૦) મહાવીર ભગવાનના નિર્વાણ પછી કેટલા અનુબદ્ધ કેવળી થયા ? .............

## પ્રૌઢ માટેના આપેલ પ્રશ્ન ડિસેમ્બર–૨૦૧૮ના ઉત્તર

(૧) ધ્રુવ
(૨) અલોકાકાશ
(૩) નિયમસાર
(૪) એક
(૫) પ્રથમ
(૬) પર્યાય
(૭) જ્ઞાતા
(૮) સમ્મૂર્ચ્છન
(૯) પાંચ ઈન્દ્રિય
(૧૦) ભવ
(૧૧) ભેદજ્ઞાન
(૧૨) ૧૨
(૧૩) દ્રવ્ય
(૧૪) મોહ
(૧૫) મહાવીર
(૧૬) ૧૨ થી ૧૪
(૧૭) એક
(૧૮) સમયસાર
(૧૯) પર્યાય
(૨૦) ક્ષાંતિ

## બાળકો માટેના આપેલ પ્રશ્ન ડિસેમ્બર – ૨૦૧૮ના ઉત્તર

(૧) ઉજમબા,
(૨) ત્રસ,
(૩) ૧૮, વાંકાનેર,
(૪) શત્રુંજય,
(૫) ધાતકી,
(૬) અસંખ્ય અબજો,
(૭) કુંદકુંદાચાર્ય,
(૮) પાર્શ્વનાથ,
(૯) અભિનંદન,
(૧૦) ત્રૈલોક્યમંડન,
(૧૧) ગૌતમ,
(૧૨) કુંથલગિરિ,
(૧૩) તેજબા,
(૧૪) કુંદકુંદાચાર્ય,
(૧૫) માનતુંગાચાર્ય,
(૧૬) ઋષભનાથ,
(૧૭) સોનગઢ,
(૧૮) અર્ધ ચંદ્ર
(૧૮) નવમી
(૨૦) અઢાર

## (૬૬)

## બાળકો માટેના પ્રશ્નોત્તર

(૧) મિથ્યાદૃષ્ટિ જીવ........................ ગ્રૈવેયક સુધી જઈ શકે છે.

(૨) ભગવાન..................... દોષથી રહિત હોય છે.

(૩) દેવ અને નારકીના સ્થૂલ શરીરને .................... શરીર કહે છે.

(૪) કામદેવ સંખ્યાએ.................... હોય છે.

(૫) માનના અભાવમાં .......................... ધર્મ પ્રગટ થાય છે.

(૬) અરિહંત ભગવાનના શરીરને ................ શરીર કહેવામાં આવે છે.

(૭) હજુ સુધી જેણે ત્રસ પર્યાય પ્રાપ્ત કરી નથી તેને ....................... નિગોદ કહે છે.

(૮) શ્રુતપંચમી .................... ના દિવસે મનાવવામાં આવે છે.

(૯) કાળ દ્રવ્યને સ્થાન દેવામાં ................ દ્રવ્ય નિમિત્ત છે.

(૧૦) કાળ દ્રવ્ય ............... પ્રદેશી છે.

(૧૧) જે રાગી-દ્વેષી ભગવાન હોય તેને .................. કહે છે.

(૧૨) પૂજ્ય ગુરુદેવશ્રી બધા જીવોને ............................ કહેતાં હતાં.

(૧૩) ભગવાન આદિનાથ ...................... પર્વતથી મોક્ષ ગયા છે.

(૧૪) આસ્રવના બે ભેદ (૧) ................. અને (૨) ................. છે.

(૧૫) વગર ગાળેલ પાણીનાં એક ટીપામાં ..................... જીવ હોય છે.

(૧૬) પહેલા ગુણસ્થાનનું નામ .................... છે.

(૧૭) જે નિર્ગ્રંથ હોય છે તેને ..................... કહે છે.

(૧૮) નવકાર મંત્રમાં .................. નમસ્કાર કરવામાં આવેલ છે.

(૧૯) છ દ્રવ્યોના સમૂહને ................ કહે છે.

(૨૦) અરિહંત (તીર્થંકર) ભગવાનને ........................ ગુણ હોય છે.

શ્રી કુંદકુંદ–કહાન દિગમ્બર જૈન મુમુક્ષુ સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ,
સનાવદ દ્વારા આયોજિત

# શ્રી સીમંધર જિનબિંબ પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવ

(તા. ૩૧–૧–૨૦૧૯, ગુરુવારથી તા. ૬–૨–૨૦૧૯, બુધવાર)

અત્યંત આનંદોલ્લાસભર્યા હૃદયોર્મિ સાથે આપ સર્વેને નમ્ર નિવેદન કે સર્વોત્કૃષ્ટ પૂજ્ય ૧૦૦૮ શ્રી જિનેન્દ્રદેવની કૃપાથી તથા આપણા સ્વાનુભવમુદ્રિત અધ્યાત્મધર્મોદ્યોતક પરમ કૃપાળુ પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામી અને વીતરાગ દેવ-ગુરુમહિમા પ્રકાશક સ્વાનુભવભૂષિત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના જિનશાસનપ્રભાવક ધર્મપ્રતાપે અમારા સનાવદ (મધ્યપ્રદેશ)માં શ્રી ૧૦૦૮ સીમંધર જિનાલય અને કુંદકુંદ-કહાન સ્વાધ્યાયભવનનું નવનિર્માણ થયું છે. જિનમંદિરમાં નીચે શ્રી સીમંધરાદિ વીસ વિહરમાન તીર્થંકર તથા પહેલા માળે સમયસાર આદિ જિનવાણી, પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીની પ્રતિકૃતિ, ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવ, શ્રી અમૃતચંદ્રાચાર્યદેવ, શ્રી પદ્મપ્રભમલધારીદેવ, પૂજ્ય બહેનશ્રી તથા સુવર્ણપુરીના સંગેમરમરમાં કોતરાયેલ ચિત્રપટ અને સૌથી ઉપર શ્રી આદિનાથ ભગવાન, શ્રી મુનિવર બાહુબલી, શ્રી ભરત ભગવાનના ખડ્‌ગાસન જિનબિંબ બિરાજમાન થશે.

આ કલ્યાણકારી પ્રતિષ્ઠાનું શુભ મુહૂર્ત મહા સુદ-૨, બુધવાર, તા. ૬-૨-૨૦૧૯ના રોજ નક્કી થયેલ છે. આ ધર્મપ્રભાવક મહોત્સવ ગુરુવાર તા. ૩૧-૧-૨૦૧૯ થી તા. ૬-૨-૨૦૧૯ સુધી સાત દિવસ રાખવામાં આવેલ છે.

આ પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવની શાસ્ત્રોક્ત વિધિ શ્રી દિગમ્બર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ અંતર્ગત પ્રતિષ્ઠાચાર્ય આત્માર્થી ભાઈ શ્રી બ્ર. વ્રજલાલભાઈ શાહ (વઢવાણ) તથા સહપ્રતિષ્ઠાચાર્યો દ્વારા સંપન્ન થશે. આ ભવ્ય પંચકલ્યાણકમાં વઢવાણ અને મલાડ ભજનમંડળી મહોત્સવની શોભામાં અભિવૃદ્ધિ કરશે.

માટે, નિજકલ્યાણના સાતિશય નિમિત્તભૂત આ મંગલ મહોત્સવમાં આપ સર્વેને સપરિવાર તથા સાધર્મી મુમુક્ષુવૃંદ સહિત પધારવા અમારું ફરી ફરી ધર્મવાત્સલ્યભર્યું હાર્દિક નિમંત્રણ છે.

નિમંત્રક
શ્રી કુંદકુંદકહાન દિગમ્બર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સનાવદ
તથા પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવ સમિતિ
અધ્યક્ષ : સૌરભ જૈનના જય જિનેન્દ્ર

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્ગાર

● અહો ! આ મનુષ્યપણામાં આવા પરમાત્મસ્વરૂપનો માર્ગ સેવવો, આદર કરવો એ જીવનની કોઈ ધન્ય પળ છે. આત્મા જ્ઞાનસ્વરૂપ છે. જ્ઞાયક જ છે. એ એને ભાવમાં આવે. ગમે તેવા પ્રસંગમાં પણ હું જ્ઞાયક છું.... જ્ઞાયક છું એમ ભાવમાં આવે. જ્ઞાયકનું લક્ષ રહે તો તે તરફ ઢળ્યા જ કરે. ૩૩૮.

● પ્રશ્ન :—આત્મા પામવા માટે આખો દિવસ શું કરવું ?

ઉત્તર :—આખો દિવસ શાસ્ત્રનો અભ્યાસ કરવો, વિચાર-મનન કરીને તત્ત્વનો નિર્ણય કરવો. અને શરીરાદિથી ને રાગથી ભેદજ્ઞાન કરવાનો અભ્યાસ કરવો. રાગાદિથી ભિન્નતાનો અભ્યાસ કરતાં કરતાં આત્માનો અનુભવ થાય છે. ૩૩૯.

● વ્યવહારનય જૂઠા અર્થને બતાવનારો હોવાથી અભૂતાર્થ છે. ત્રિકાળી જ્ઞાયકભાવ કે જે સમ્યગ્દર્શનનો વિષય છે તે અભેદમાં ભેદ નથી. છતાં તેને (ભેદને) વ્યવહારનય બતાવે છે. તેથી તેને જુઠો કહેવામાં આવે છે. વ્યવહારનય ત્રિકાળી જ્ઞાયકભાવને છોડીને જ્ઞાયકભાવમાં નથી એવા ભેદને, પર્યાયને આદિને પ્રગટ કરે છે માટે અભૂતાર્થ છે. પર્યાયને ગૌણ કરી વ્યવહાર કહીને જૂઠો કહેવામાં આવ્યો છે. ૩૪૦.

● જેમ ધૂમાડાના ગોટા આડે ચૂલા ઉપર લાપસીનું તપેલું દેખાતું નથી તેમ પુણ્ય-પાપના ધૂમાડાના પ્રેમની આડમાં જ્ઞાયકભાવ દેખાતો નથી. પર્યાયબુદ્ધિવાળાને રાગનો રસ છે, રુચિ છે તેથી તેને અંદર જે વીતરાગમૂર્તિ સકળ-નિરાવરણ છે તે ઢંકાઈ ગયો છે. પ્રબળ કર્મના મળવાથી જ્ઞાયકભાવ તિરોભૂત થયો છે. એટલે ? જ્ઞાયકભાવ તો જ્ઞાયકભાવ જ છે, તે તિરોભૂત થતો નથી. પણ પ્રબળ રાગના મળવાથી એટલે કે રાગની રુચિના પ્રેમને લઈને તેને જ્ઞાયકભાવ દેખાતો નથી. તેથી તિરોભૂત થઈ ગયો છે. ૩૪૧.

● આનંદનો ઘન પ્રભુ અને રાગ વચ્ચે સંધિ છે. નિઃસંધિ થયા જ નથી, કેમ કે ચૈતન્ય આનંદનો પ્રભુ જ્ઞાયકતત્ત્વ અને શુભાશુભરાગ એ બે ભિન્ન ભિન્ન તત્ત્વો છે. એ બે એક નથી છતાં આત્મા અને કર્મનો એટલે કે આત્મા અને રાગનો વિવેક નહીં કરનારા-ભિન્ન નહીં પાડનારા શુભભાવમાં વિમોહિત થઈ ગયા છે. ૩૪૨.

આત્મધર્મ
જાન્યુઆરી-૨૦૧૯
અંક-૫ ● વર્ષ-૧૩

Posted at Songadh PO
Publish on 1-1-2019
Posted on 1-1-2019

Registered Regn. No. BVR-367/2018-2020
Renewed upto 31-12-2020
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-




**Printed & published by Hasmukhbhai Popatlal Vora on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.**

**Editor : Anantrai Vrajlal Shah.**

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

www.kanjiswami.org
email : contact@kanjiswami.org